CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ ફેબ્રુઆરી ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ વદ તેરસ | અંક : ૧૮૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યસભામાં રજૂ કર્યો આગામી ૫ વર્ષનો રોડમેપ

# દેશમાં મફત સારવાર અને અનાજ મળતાં રહેશે : વડાપ્રધાન મોદી

## આગામી ૫ વર્ષમાં દેશને બુલેટ ટ્રેનની ભેટ મળશે, તમામ ઘરને પાઈપ લાઈનથી ગેસ મળશે, ગરીબો માટે ઘર બનાવતા રહીશું : પીએમ મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, લોકોનું જીવન સુધારવું અમારો પ્રયાસ છે. ૫ લાખ સુધીની મફત સારવાર મળતી રહેશે. અનાજ મફત મળતું રહેશે. વિકાસની ગતિ ધમી નહીં પડવા દઈએ. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે પણ મારો મંત્ર છે કે દેશના વિકાસ માટે રાજ્યનો વિકાસ. આપણે રાજ્યોના વિકાસથી દેશનો વિકાસ કરી શકીશું. હું તમને વિશ્વાસ અપાવું છું કે રાજ્ય જો એક ડગલું ચાલે છે તો અમે બે ડગલા ચાલીશું. હું તો હંમેશા કહું છું કે, આપણા રાજ્યો વચ્ચે સકારાત્મક વિચાર સાથે ચાલવાની જરૂર છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોરોનામાં દુનિયા પર આટલું મોટું સંકટ આવ્યું. તેવા સંકટ સમયમાં મેં રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ૨૦ બેઠક કરી. એક-એક વાત વિચાર કરીને સાથે લઈને તમામ રાજ્યોના સહયોગથી કેન્દ્ર અને રાજ્યએ કામ કર્યું. દુનિયા જે મુસીબત સહન નહોતી કરી શકતી, તેને આપણે મળીને દેશને બચાવવા માટે જે થઈ શકતું હતું તે કર્યું. રાજ્યોને પણ તેનો શ્રેય લેવાનો પૂર્ણ અધિકાર છે. રાહુલ ગાંધી સામે નિશાન તાકતાં પીએમ મોદીએ કહ્યું કે તેમણે તેમના યુવરાજને એક સ્ટાર્ટઅપ બનાવીને આપ્યું છે. હાલ તે નોન સ્ટાર્ટર છે. ન તો લિફ્ટ થઈ રહ્યાં છે, ન તો લોન્ચ થઈ રહ્યાં છે. પીએમ મોદીએ કહ્યું કે સરકારી કંપનીઓ અંગે અમારા પર કેવા કેવા આક્ષેપો કરવામાં આવ્યા? કોઈપણ આધાર વગરના. માત્ર આક્ષેપો કર્યા.

### આજે એલઆઈસીના શેર રેકોર્ડ સ્તરે ટ્રેડ થઈ રહ્યા છે



કોંગ્રેસ પર પ્રહાર કરતા મોદીએ કહ્યું કે જે બીએસએનએલને તમે બરબાદ કરીને છોડી દીધું હતું તે આજે મેડ ઈન ઈન્ડિયા ૪જી, ૫જી તરફ આગળ વધી રહી છે અને દુનિયાનું ધ્યાન પોતાની તરફ ખેંચી રહી છે. એચએએલમાટે તમે ઘણા ભ્રમ ફેલાવ્યા, આજે તે રેકોર્ડ ઉત્પાદન અને આવક પેદા કરી રહી છે. એશિયાની સૌથી મોટી હેલિકોપ્ટર મેન્યુફેક્ચરિંગ કંપની એચએએલકર્ણાટકમાં આવેલી છે. ક્યાં છોડી હતી અને હવે અમે તેને ક્યાં પહોંચાડી દીધી. તેમણે કહ્યું કે તમે એલઆઈસીસંબંધિત કેવા કેવા નિવેદનો આપો છો? તેની સાથે આમ થઈ ગયું તેમ થઈ ગયું. જો કોઈ વસ્તુનો નાશ કરવો હોય તો અસત્ય ફેલાવો, ભ્રમ ફેલાવો. ગામમાં કોઈને મોટો બંગલો ખરીદવો હોય તો એવી અફવા ફેલાવવામાં આવે છે કે તે ભૂતિયા બંગલો છે. એલઆઈસીને લઈને પણ આવી અફવાઓ ફેલાવાઈ હતી. હું તમને છાતી ઠોકીને કહેવા માંગુ છું,

### દલિત, પછાત અને આદિવાસી કોંગ્રેસ જન્મજાત તેમની સૌથી મોટી વિરોધી રહી

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોંગ્રેસ હાલના દિવસોમાં જાતિની વાત કરી રહી છે. શું જરૂર પડી ગઈ તેમને હું નથી જાણતો. પહેલા તેમણે પોતાની તરફ જોવાની જરૂર છે. દલિત, પછાત અને આદિવાસી કોંગ્રેસ જન્મજાત તેમની સૌથી મોટી વિરોધી રહી છે. હું વિચારું છું કે બાબા સાહેબ ન હોત તો એસસી/એસટીને અનામત મળ્યું હોત કે નહીં. તેમનો વિચાર આજથી નહીં, તે સમયથી એવો છે, જેનો મારી પાસે પુરાવો છે. વાત જ્યારે ઉઠે છે, તો તેમણે તૈયારી રાખવી જોઈએ. હું આદરપૂર્વક નેહરૂજીને ખુબ યાદ કરું છું. એક વાર નેહરૂજીને મુખ્યમંત્રીઓનો પત્ર લખ્યો હતો. તેમણે લખ્યું કે હું કોઈપણ અનામતને પસંદ નથી કરતો. ખાસ કરીને નોકરીમાં અનામત તો ક્યારેય નહીં. હું એવા કોઈ પણ પગલાં વિરૂદ્ધ છું જે બિનકાર્યક્ષમતાને પ્રોત્સાહિત કરે છે, જે નબળાઈ તરફ દોરી જાય

### કેન્દ્રીય સડક અને પરિવહન મંત્રીનું નિવેદન

# સારા કામ કરનારને ક્યારેય સન્માન મળતું નથી : ગડકરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

કેન્દ્રીય સડક અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે 'સારા કામ કરનારને ક્યારેય સન્માન મળતું નથી.' આ દરમિયાન, તેમણે તકવાદી નેતાઓની શાસક પક્ષ સાથે જોડાયેલા રહેવાની ઈચ્છા પર ચિંતા



વ્યક્ત કરતા કહ્યું કે 'વિચારધારામાં આ પ્રકારનું પતન' લોકશાહી માટે સારી બાબત નથી. વધુમાં તેમણે કહ્યું કે એવા નેતાઓ પણ છે જેઓ પોતાની વિચારધારા પર અડગ છે પરંતુ તેમની સંખ્યા ધીમે ધીમે ઘટી રહી છે. ગડકરીએ આગાણ જણાવતા કહ્યું કે 'આપણા સંસદ સભ્યોની ગુણવત્તા જ આજે ભવ્ય લોકશાહીને આગળ ધપાવે છે, પરંતુ આજે આપણી સમસ્યા નેતાઓ વચ્ચેના મતભેદો નથી પરંતુ વિચારોની શૂન્યતા છે. દિવંગત નેતા અટલ બિહારી વાજપેયીને યાદ કરતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે 'તેઓ અટલ બિહારી વાજપેયી પાસેથી શીખ્યા છે કે નેતાઓ વચ્ચે મતભેદ હોવા જોઈએ તે સારું છે.

### વિચારધારામાં જે પતન થઈ રહ્યું છે તે લોકશાહી માટે સારું નથી

કેન્દ્રીય મંત્રીએ મીડિયા ગ્રૂપ દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધન કર્યું હતું, જેમાં સાંસદોને તેમના ઉત્તમ યોગદાન માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. ભાજપના વરિષ્ઠ નેતાએ કહ્યું, અમારી ચર્ચાઓમાં મતભેદ એ અમારી સમસ્યા નથી. અમારી સમસ્યા વિચારોનો અભાવ છે. તેમણે વધુમાં કહ્યું કે, એવા લોકો પણ છે જેઓ તેમની વિચારધારાના આધારે દ્રઢ વિશ્વાસ સાથે અડગ ઊભા છે પરંતુ આવા લોકોની સંખ્યા ઘટી રહી છે. અને વિચારધારામાં જે પતન થઈ રહ્યું છે તે લોકશાહી માટે સારું નથી.

### વડાપ્રધાને વંશવાદ અંગે કરેલા પ્રહારો બાદ અટકળ

# સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી રાજ્યસભામાં જશે એવી અટકળ

। (એજન્સી) ચંડીગઢ, તા.૭ ।

વડાપ્રધાન મોદીએ વંશવાદ અંગે સોમવારે સીધા કરેલા પ્રહારો પછી કોંગ્રેસ પૂર્વ પ્રમુખ સોનિયા ગાંધી અને તેઓના પુત્રી પ્રિયંકા ગાંધી વાડ્રા રાજયસભામાં જશે તેવી જોરદાર હવા ચાલી રહી છે. જ્યારે રાહુલ ગાંધી અંગે એવી અટકળો બંધાઈ રહી છે કે તેઓ ૨૦૧૯ ની ચુંટણીમાં મૂળ જવાહરલાલ નહેરૂની બેઠક અમેઠીમાંથી પણ પરાજિત થયા પછી કેરલના વાયનાડમાંથી ચુંટાઈ આવ્યા છતાં તેઓ ૨૦૨૪માં ફરી અમેઠીમાંથી ચુંટણી લડશે કે



પછી વાયનાડમાંથી જ ચુંટણી લડશે ? તે વિષે પણ રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે. ૨૦૧૯માં તો રાહુલ કોંગ્રેસનો ગઢ ગણાતા અમેઠીમાં ભાજપના ઉમેદવાર સ્મૃતિ ઈરાની સામે પરાજિત થયા હતા તે સર્વવિદિત છે. વાસ્તવમાં મૂળ જવાહરલાલ નહેરૂની આ બેઠક ઉપરથી રાહુલના કાકા સંજય ગાંધી, રાહુલના પિતાશ્રી રાજીવ ગાંધી અને માતૃશ્રી સોનિયા ગાંધી પણ ચુંટાઈ આવ્યા હતા. તે પણ ઉલ્લેખનીય છે. રાહુલ પોતે ૨૦૧૪ થી હજી સુધીમાં તો ૩ વખત ત્યાંથી ચુંટાઈ આવ્યા હતા.

### કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય કુમાર મિશ્રાએ માહિતી આપી

# કેન્દ્ર સરકારે ૩.૨ લાખ સિમ કાર્ડ બ્લોક કરી દીધા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

કેન્દ્ર સરકારે ૩.૨ લાખ સિમ કાર્ડ (સબ્સ્ક્રાઈબર આઈડેન્ટિટી મોડ્યુલ) બ્લોક કર્યા છે. કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય કુમાર મિશ્રાએ લોકસભામાં આ માહિતી આપી હતી કે સાયબર કૌભાંડો પર પકડ કડક કરવા માટે આ કાર્યવાહી કરવામાં આવી છે. ગૃહ રાજ્ય મંત્રીએ કહ્યું કે રોકાણ પ્રમોશન અને અન્ય પ્રકારના કૌભાંડો સાથે જોડાયેલી ઘણી ગેરકાયદેસર વેબસાઈટ મળી આવી છે. પોલીસે ૩.૨ લાખ સિમ કાર્ડ અને ૪૯,૦૦૦ આઈએમઈઆઈની જાણ કરી, ત્યારબાદ સરકારે આ સિમ કાર્ડ્સને બ્લોક કરવાનો નિર્ણય કર્યો. ઈન્ડીયન સાઈબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (14C) હેઠળ કામ કરતી સિટીઝન ફાઈનાન્સિયલ સાયબર ફ્રોડ રિપોર્ટિંગ અને મેનેજમેન્ટ સિસ્ટમને લગભગ ૧૧.૨૮ લાખ જેટલી ફરિયાદો મળી છે.

### ઉત્તરાખંડ વિધાનસભાએ ઇતિહાસ રચ્યો

# ઉત્તરાખંડ સમાન નાગરિક સંહિતા લાગુ કરનાર પ્રથમ રાજ્ય બન્યું

। (એજન્સી) દેહરાદૂન, તા.૭ ।

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીના નેતૃત્વવાળી રાજ્ય સરકાર દ્વારા રજૂ કરાયેલા સમાન નાગરિક સંહિતા ઉત્તારખંડ ૨૦૨૪ બિલ ગૃહમાં પસાર થઈ ગયું છે. વિધાનસભામાં યુસીસી બિલ પાસ થયા બાદ ઉત્તરાખંડ સમાન નાગરિક સંહિતા લાગૂ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બની ગયું છે. ધ્વનિમતથી પ્રસ્તાવ પાસ થતા પહેલા બિલ પર બોલતા મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યુ કે આપણા બંધારણ નિર્માતાઓએ જે સપનું હોયું હતું, તે જમીન પર ઉતરીને હકીકત બનવા જઈ રહ્યું છે. આપણે ઈતિહાસ રચવા જઈ રહ્યાં છીએ. તેમણે કહ્યું કે દેશના અન્ય રાજ્યોએ પણ આ દિશામાં આગળ વધવું જોઈએ.

મુખ્યમંત્રી ધામીએ કાયદા સાથે જોડાયેલા મહત્વપૂર્ણ પાસાંઓને સામે રાખ્યા હતા. તેમણે કહ્યું કે આ કાયદાનો ઉદ્દેશ્ય તુષ્ટીકરણ નહીં પરંતુ સમાજમાં સમાનતા લાવવી છે. ધામીએ કહ્યુ કે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી પહેલા અમે ઉત્તરાખંડની જનતા સામે પ્રસ્તાવ રાખ્યો હતો કે અમે યુસીસી કાયદો બનાવીશું અને તેના માટે એક ડ્રાફ્ટ કમિટી બનાવવામાં આવશે.







### મની લોન્ડરિંગ કેસમાં ઈડીની કાર્યવાહી

# ભાજપમાંથી કોંગ્રેસમાં જોડાયેલા હરક સિંહ રાવતના ઠેકાણે દરોડા

। (એજન્સી) દહેરાદૂન, તા.૭ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) હાલમાં વધારે સક્રિય થઈ હોય તેમ એક પછી એક જગ્યાએ દરોડાની કાર્યવાહી કરી રહી છે. તાજેતરમાં મની લોન્ડરિંગના કેસમાં આજે કોંગ્રેસ નેતા અને પૂર્વ મંત્રી હરક સિંહ રાવતના ઠેકાણે દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું કે ઉત્તરાખંડ, દિલ્હી અને ચંડીગઢમાં અનેક ઠેકાણે દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે હરક સિંહ રાવતે ૨૦૨૨ની ઉત્તરાખંડ વિધાનસભા ચૂંટણી પૂર્વે ભાજપ છોડી દીધો હતો અને કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા. એવું મનાય છે કે ઈડીની તપાસ રાજ્યના કોર્બેટ ટાઈગર રિઝર્વમાં કથિત ગેરકાયદે પ્રવૃત્તિઓ સંબંધિત હતી. માહિતી અનુસાર ઈડીની ટીમે દહેરાદૂનમાં ડિફેન્સ કોલોની ખાતે આવેલા હરક સિંહ રાવતના નિવાસે દરોડાની કાર્યવાહી કરી હતી.




CMYK

## કલોલ-આદરજ મોટી સેકશનમાં આવેલ રેલવે ક્રોસિંગ નંબર ૨ અને ૪ બંધ રહેશે

। અમદાવાદ, તા.૭ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના કલોલ-આદરજ મોટી સેક્શન વચ્ચે આવેલ રેલવે ક્રોસિંગ નંબર ૦૨ કિ.મી. ૦૩/૧૨-૧૩, ૦૮ ફેબ્રુઆરી ૨૦૨૪ ના સવારે ૦૮.૦૦ વાગ્યાથી ૨૦.૦૦ વાગ્યા સુધી (ઓવર હૉલિંગ) મરમ્મત કાર્ય હેતુ બંધ રહેશે. સડક ઉપયોગકર્તા આ સમયગાળા દરમિયાન રેલવે ક્રોસિંગ નંબર ૦૪ કિમી. ૦૫/૧૩-૧૪ થી આવાગમન કરી શકેછે. કલોલ-આદરજ મોટી સેક્શન વચ્ચે આવેલ રેલવે ક્રોસિંગ નંબર ૦૪ કિ.મી. ૦૫/૧૩-૧૪, ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૪ ના સવારે ૦૮.૦૦ વાગ્યાથી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૪ ૨૦.૦૦ વાગ્યા સુધી (ઓવર હૉલિંગ) મરમ્મત કાર્ય હેતુ બંધ રહેશે. સડક ઉપયોગકર્તા આ સમયગાળા દરમિયાન રેલવે ક્રોસિંગ નંબર ૦૬ કિ.મી. ૦૬/૧૪-૧૫ અને ક્રોસિંગ નંબર ૦૭ કિ.મી. ૮/૩-૪ થી આવાગમન કરી શકેછે.

## વડોદરામાં વોર્ડ વિઝાર્ડ કંપની પર આવકવેરા વિભાગના દરોડા પડ્યાં

। (એજન્સી) વડોદરા, તા.૭ ।

વડોદરામાં વોર્ડ વિઝાર્ડ કંપની પર આવકવેરા વિભાગના દરોડા પડ્યાં. એટલું જ નહીં IT વિભાગ દ્વારા વોર્ડ વિઝાર્ડના CMD યતીન ગુપ્તેના નિવાસસ્થાને પણ તપાસ હાથ ધરવામાં આવી. સયાજીપુરા પાસે આવેલ આ વોર્ડ વિઝાર્ડ કંપની જોય બાઈકનાં બ્રાન્ડ નેમથી ઈ-બાઈકનું ઉત્પાદન કરે છે. આવકવેરા વિભાગ દ્વારા કંપનીની વિવિધ ઓફીસોમાં દરોડા પાડવામાં આવ્યાં. આજવા, સયાજીપુરા, મકરપુરા, વડસરમાં આવેલી કંપનીમાં તપાસ હાથ ધરવામાં આવી. હરિનગરમાં આવેલ હોસ્પિટલો સહિત અનેક સ્થાને આવકવેરાનું સર્ચ કરાયું. માહિતી અનુસાર CMD યતીન ગુપ્તે અનેક રાજકારણીઓ સાથે ઘરોબો ધરાવે છે. એટલું જ નહીં બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી પણ યતીન ગુપ્તેના ઘરે આવી ચૂક્યા છે. જો કે વિભાગ દ્વારા આ કંપની સામે શા માટે તપાસ ધરવામાં આવી છે એ અંગે કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. વડોદરામાં વોર્ડ વિઝાર્ડ કંપની પર આવકવેરા વિભાગના દરોડા પડ્યાં. એટલું જ નહીં IT વિભાગ દ્વારા વોર્ડ વિઝાર્ડના CMD યતીન ગુપ્તેના નિવાસસ્થાને પણ તપાસ હાથ ધરવામાં આવી. સયાજીપુરા પાસે આવેલ આ વોર્ડ વિઝાર્ડ કંપની જોય બાઈકનાં બ્રાન્ડ નેમથી ઈ-બાઈકનું ઉત્પાદન કરે છે. આવકવેરા વિભાગ દ્વારા કંપનીની વિવિધ ઓફીસોમાં દરોડા પાડવામાં આવ્યાં.

# જી. ટી. યુ. ના પૂર્વ વિદ્યાર્થીઓનું તૃતીય સંમેલન : 'સમવાય-૨૦૨૪' નું સફળ આયોજન કરાયું

### જી.ટી.યુ. એલ્યુમની એસોસિએશને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવતા ૧૩ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા

। (માહિતી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદમાં આવેલ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના એલ્યુમની એસોસિએશન દ્વારા યુનિવર્સિટીના વહીવટી ભવન ખાતે "સમવાય-૨૦૨૪" શિર્ષક તળે પૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજવામાં આવ્યું હતું. પૂર્વ વિધાર્થીઓ સાથે સંપર્કમાં રહી, તેમને સંગઠિત કરી, તેમની પ્રવૃત્તિઓ સરળ બનાવવા, તેમની પ્રાપ્તિઓ અને સિદ્ધિઓને બિરદાવવાના શુભ ઉદ્દેશથી જી.ટી.યુ. દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં હાલમાં સમાજમાં ઉંચી પ્રતિષ્ઠા ધરાવતા અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.




પ્રારંભમાં એલ્યુમની એસોસિએશને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સિદ્ધિઓની માહિતી આપી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન ગુજરાત રાજ્યના મહિલા અને બાળવિકાસ ખાતાનાં કમિશનર શ્રી કે. કે. નિરાલાએ ધ્યેયપ્રાપ્તિ માટે પોતાની શક્તિઓને ઓળખવાની જરૂરીયાત ઉપર ભાર મૂકવો જોઈએ તેમ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું હતું.

આ પ્રસંગે હાજર રહેલા ગુજરાતના ખ્યાતનામ વક્તા અને કટાર લેખક શ્રી જય વસાવડાએ પ્રેરક વક્તવ્ય આપતાં બાળકોને સાચી સિદ્ધિ અને સુખી જીવનનો અર્થ સમજાવી અને માર્ગદર્શન આપીને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત, જી.ટી.યુ. એલ્યુમની એસોસિએશને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવતા સંશોધન, સ્ટાર્ટઅપ, એવોર્ડ અને સરકારી નોકરીઓ જેવી કેટેગરીમાં ૧૩ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા હતા. આ કાર્યક્રમમાં કુલપતિ ડૉ. શ્રી રાજુલ કે. ગજ્જર, કુલસચિવ ડૉ. શ્રી કે.એન.ખેરે, ડૉ.પંકજરાય પટેલ, ડૉ. સીમા જોશી, યુનિવર્સિટીના અન્ય અધિકારીઓ તેમજ મદદનીશ પ્રાધ્યાપકો હાજર રહ્યા હતા.

**મહુવા માર્કેટિંગ યાર્ડમાં વિવિધ જણસીની આવક થઇ હતી**

## મહુવા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની બમ્પર આવક

### માર્કેટિંગ યાર્ડમાં લાલ ડુંગળીના ૬૮,૦૦૦ કટ્ટાની આવક થઈ હતી, લાલ ડુંગળીનાં એક મણનાં ભાવ ર૬૮ રૂપિયા ભાવ રહ્યાં છે

। (એજન્સી) ભાવનગર, તા.૭ ।

ભાવનગરમાં આવેલું મહુવા માર્કેટ યાર્ડ જણસીઓના વેચાણ માટે સૌથી વિશ્વસનીય સ્થળ બન્યું છે. ૦૬ ફેબ્રુવારીના રોજ મહુવા માર્કેટ યાર્ડ ખાતે વિવિધ જણસીની આવક નોંધાઈ હતી. ભાવનગર માર્કેટ યાર્ડ ખાતે એરંડા, જુવાર, બાજરી, શીંગ, ઘઉં, મકાઈ, અડદ, મગ, ધાણા, સોયાબીન, ચણા, સફેદ અને કાળા તલ, તુવેર, લાલ અને કાળી ડુંગળી, નાળિયેરની આવક નોંધાઈ હતી. ૦૬ ફેબ્રુવારીના રોજ કુલ ૧૬ જણસીઓની આવક નોંધવામાં આવી હતી. ભાવનગર જિલ્લો ડુંગળીના વાવેતરમાં ગુજરાતમાં સૌથી મોખરે છે. આ વર્ષે પણ ભાવનગર જિલ્લામાં ડુંગળીનું સૌથી વધારે વાવેતર કરવામાં આવ્યું છે. ખાસ કરીને મહુવામાં ડુંગળીના ડિહાઈડ્રેશનના કારખાનો હોવાથી મહુવા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની મોટા પ્રમાણમાં આવક થઈ રહી છે. ભાવનગર મહુવા માર્કેટિંગ યાર્ડમાં ૦૬ ફેબ્રુવારી ના રોજ લાલ ડુંગળીના ઢગલા થયા હતા. મહુવા માર્કેટિંગ યાર્ડમાં સફેદ ડુંગળીના ૪૭,૪૦૯ કટ્ટાની આવક થઈ હતી અને સફેદ ડુંગળીના ભાવ ૨૧૫ રૂપિયાથી લઈને ૩૧૯ રૂપિયા સુધીના બોલાયા હતા. માર્કેટિંગ યાર્ડમાં લાલ ડુંગળીના ૬૮,૦૦૦ કટ્ટાની આવક થઈ હતી. પ્રતિ એક મણના ભાવ ૧૧૧ રૂપિયાથી લઈને ૨૬૮ રૂપિયા સુધી નોંધાયા હતાં. ૦૬ ફેબ્રુવારીના રોજ મહુવા માર્કેટ યાર્ડમાં ચણાની હરાજી કરવામાં આવી હતી. જેમાં એક મણના નીચા ભાવ ૯૦૨ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૧,૨૦૦ રૂપિયા સુધી રહ્યા હતા. માર્કેટિંગ યાર્ડમાં ઘઉં ની હરાજી કરવામાં આવી હતી. પ્રતિ એક મણના ભાવ ૪૯૦ થી લઈને ૭૨૬ રૂપિયા સુધીના નોંધાયા હતા. આ ઉપરાંત, બાજરીની હરાજી કરવામાં આવી હતી. બાજરી ના પ્રતિ એક મણના નીચા ભાવ ૪૨૬ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૫૨૬ રૂપિયા સુધીના નોંધાયો હતો. માર્કેટિંગ યાર્ડમાં સફેદ તલના ૨,૬૦૦ રૂપિયાથી લઈને ૨,૭૦૧ રૂપિયા સુધીના ભાવ નોંધાયા હતા. યાર્ડમાં કપાસના ૧૧૭ ગાસડીની આવક થઈ હતી. જેના પ્રતિ એક મણના ભાવ ૯૩૦ રૂપિયાથી લઈને ૧,૨૨૬ રૂપિયા સુધીના નોંધાયા હતા. યાર્ડમાં લીલા નારિયેળના ૧૬,૩૫૫ નંગની આવક થઈ હતી. ૧૦૦ નંગના નીચા ભાવ ૪૯૦ રૂપિયા રહ્યાં હતાં.

**રાજ્ય વિધાનસભામાં સરકારની સ્પષ્ટતા**

## રાજ્યના ૨૯ જિલ્લામાં પાંચ લાખથી વધુ બાળકો કુપોષિત

### જેમાંથી અતિ ઓછા વજનવાળા એક લાખ ૧૮ હજાર ૧૦૪ કુપોષિત બાળકો હોવાની સરકારે માહિતી આપી

। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

વિકસિત ગુજરાતની વાતો વચ્ચે કુપોષિત બાળકોના ચિંતાજનક આંકડા સામે આવ્યા છે. ગુજરાતના ૩૩ જિલ્લામાંથી ૨૯ જિલ્લાના પાંચ લાખ ૨૮ હજાર ૬૫૩ બાળકો કુપોષિત છે, જેમાં દાહોદ જિલ્લામાં સૌથી વધુ કુપોષિત બાળકો નોંધાયા છે. ચાર જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યામાં વધારો થયો છે. ગુજરાતમાં પહેલી ફેબ્રુઆરીથી વિધાનસભાનું સત્ર શરુ થયુ છે. ત્યારે આજે ગૃહમાં ગુજરાતમાં કુપોષિત બાળકો અંગેના આંકડા વિશે સવાલ કરવામાં આવ્યો હતો. જેના જવાબમાં મહિલા અને બાળ કલ્યાણ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાએ લેખિત જવાબ રજૂ કર્યો હતો. આ રજૂ કરાયેલા આંકડા ચોંકાવનારા છે. ગુજરાતના ૩૩ જિલ્લામાંથી ૨૯ જિલ્લાના ૫ લાખ ૨૮ હજાર ૬૫૩ બાળકો કુપોષિત છે. જેમાંથી અતિ ઓછા વજનવાળા એક લાખ ૧૮ હજાર ૧૦૪ કુપોષિત બાળકો છે. રાજ્યમાં સૌથી વધુ ૫૧ હજાર ૩૨૧ કુપોષિત બાળકો દાહોદમાં નોંધાયા છે જ્યારે નવસારીમાં ૧૫૪૮ કુપોષિત બાળકો નોંધાયા છે જે રાજ્યમાં સૌથી ઓછા નોંધાયા છે. રાજ્યના ચાર જિલ્લામાં કુપોષણના ૧૬૦૬૯ બાળકો વધ્યા છે.

**અમદાવાદમાં જાવેદ હબીબ સલુનનાં આઉટલેટ્નો આરંભ**

## ટોચના મેટ્રો શહેરોમાં હેર ડિઝાઈન અને સ્ટાઈલીંગની સભાનતા વધી છે

### ૧૦ અંધજનોને નિઃશુલ્ક વાળની ટ્રીટમેન્ટ કરી અપાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

ભારતમાં ટોચની હેર અને બ્યુટી સલુન બ્રાન્ડ જાવેદ હબીબ સલુનનાં આઉટલેટનો શહેરનાં આનંદનગર રોડ પર કૃષ્ણા ટાવર્સમાં આરંભ થયો છે. અમદાવાદમાં જાવેદ હબીબ સલુનનું આ દસમું અને ગુજરાતમાં ૨૭મું આઉટલેટ છે. આનંદનગર રોડ પર શ્રી કૃષ્ણા ટાવર્સમાં આરંભાયેલા આ સલુનનું ઉદઘાટન જાવેદ હબીબ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંધજન મંડળનાં ૧૦ અંધજનો(દિવ્યાગ)ને નિઃશુલ્ક વાળની ટ્રીટમેન્ટ કરી આપવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય હેર સ્ટાઈલીસ્ટ જાવેદ હબીબે આ પ્રસંગે જણાવ્યું હતું કે, અમદાવાદમાં સાતમાં જાવેદ હબીબ હેર સલુનનો આરંભ કરતાં મને ઘણો આનંદ થાય છે. અમદાવાદ જેવા ટોચના મેટ્રો શહેરોમાં હેર ડિઝાઈન અને સ્ટાઈલીંગની સભાનતા વધી રહી છે. આ સલુનથી વાળની ઉત્કૃષ્ટ માવજત અને સ્ટાઈલીંગ કરવાવા ઈચ્છુક ચાહકોની જરૂરિયાત સંતોષાશે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે આપણે જેમ શરીરના દરેક અંગોની જાળવણી માટે સભાન રહીએ છીએ, તેમ વાળની માવજત અંગે પણ જાગૃત રહેવું જોઈએ. વાળની માવજત માટે રોજ વોશ કરવા જોઈએ.આનંદનગર રોડ પરનાં જાવેદ હબીબ સલુનનાં માલિક કિરણ આર પાટીલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, જાવેદ હબીબ હેર સલુનને શરૂ કરતાં અમને ઘણો આનંદ થાય છે.

**જામગરના બોરવેલમાં બે વર્ષનો બાળક ફસાયો હતો**

## બાળકને ૯ કલાકની જહેમત બાદ સુરક્ષિત કઢાયો બહાર

### વિવિધ ટીમોની મહેનતને કારણે મોડી રાત્રે સવા ત્રણ કલાકની આસપાસ બાળકને બોરવેલમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો

। (એજન્સી) જામનગર, તા.૭ ।

લાલપુરના ગોવાણામાં બે વર્ષનું બાળક બોરવેલમાં ફસાઈ ગયુ હતુ. જોકે, આ માસૂમને વિવિધ ટીમોની ૯ કલાકની જહેમત બાદ બચાવી લેવામાં આવ્યો છે. બાળકને સુરક્ષિત બહાર કાઢવામાં આવતા પરિવાર અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. બોરવેલમાંથી બાળકને બહાર કાઢતા તેને તાત્કાલિક સારવાર માટે જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે. ૬ ફેબ્રુઆરીના રોજ જામનગરના લાલપુરના ગોવાણા ગામમાં સાંજના ૬ કલાકે બાળક બોરવેલમાં પડી ગયો હતો. જેના રડવાનો અવાજ આવતા જ



આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. જે બાદ આ અંગેની જાણ તંત્રને કરાતા તાત્કાલિક NDRF અને રોબોટની પણ મદદ લેવામાં આવી હતી. તો ૧૦થી ૧૩ ફૂટે ફસાયેલા બાળકને ઓક્સિજન પણ અપાયો હતો. વિવિધ ટીમોની મહેનતને કારણે મોડી રાત્રે સવા ત્રણ કલાકની આસપાસ બાળકને બોરવેલમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. નવ કલાક ચાલેલા આ ઓપરેશન જિંદગી બાદ સમગ્ર ટીમને સફળતા મળતા તેમણે પણ રાહતનો શ્વાસ લીધો હતો. ૨ વર્ષનો બાળક રાજના માતા-પિતા મધ્યપ્રદેશના વતની હોવાનું હાલ જાણવા મળ્યું છે. જામનગર ફાયર બ્રિગેડ ટીમ અને રિલાયન્સ ફાયર બ્રિગેડ સહિત વહિવટી તેમજ ૧૦૮ની સમગ્ર મામલે પ્રસંશનીય કામગીરી જોવા મળી હતી. ગઈકાલે સાંજે એક અંદાજ પ્રમાણે ૧૨ ફૂટે બાળક ફસાયું હોવાની પ્રાથમિક માહિતી મળી હતી.

## સુરતનો લિટલ ડાન્સર યુવરાજ કલર્સ ટીવીના શો ડાન્સ દિવાનેમાં ચમક્યો

### યુવરાજના પિતા ફેક્ટરીમાં નોકરી કરીને પોતાનું ગુજરાત ચલાવે છે : સુરતનો દીકરો હવે દેશમાં ઝળક્યો છે

। (એજન્સી) સુરત, તા.૭ ।

સુરતનો દીકરો દેશ લેવલે ઝળક્યો છે, સુરતમાં રહેતા એક પરપ્રાંતિય પરિવારનો દીકરો યુવરાજ કલર્સ ટીવીના લોકપ્રિય શૉ ડાન્સ દિવાનેમાં ઝળક્યો. યુવરાજનું તેના ગજબના ડાન્સ પરફોર્મન્સના કારણે તને હવે નેકસ્ટ રાઉન્ડમાં સિલેક્શન થયુ છે. યુવરાજ માત્ર ચાર વર્ષનો છે અને હાલમાં મુંબઈમાં પ્રોગ્રામમાં વ્યસ્ત છે. યુવરાજના પિતા ફેક્ટરીમાં નોકરી કરીને પોતાનું ગુજરાત ચલાવે છે. સુરતનો દીકરો હવે દેશમાં ઝળક્યો છે. કલર્સ ટીવી પર ચાલી રહેલા લોકપ્રિય શૉ ડાન્સ દિવાનેમાં સુરતના દીકરા જેનું નામ યુવરાજ છે, તેને સ્થાન મળ્યુ છે. યુવરાજે માત્ર ચાર વર્ષની ઉંમરે શોમાં પોતાનું બેસ્ટ પરફોર્મન્સ આપ્યુ છે.

**વિશેષ**

**ગીર સોમનાથના ખેડૂતો બન્યા સ્માર્ટ :આંગળીના ટેરવે મેળવી રહ્યાં છે કૃષિ જગતનું અદ્યતન જ્ઞાન**

# અલગ-અલગ માર્કેટિંગ યાર્ડમાં જણસના ભાવોની જાણકારી મેળવવાથી જણસના ભાવો વધુ મેળવી શકીએ છીએ : ખેડૂત વિજયસિંહ ઝાલા


। (માહિતી) ગીર સોમનાથ ।

ભારત એક કૃષિપ્રધાન દેશ છે. આ કૃષિમાં નવીન કૃષિ પદ્ધતિઓ, નવીન સંશોધનોનો કઈ રીતે ઉપયોગ કરી શકાય, તેની જાણકારી મળી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને સ્માર્ટફોન આપવાની યોજના અમલમાં છે.

આ સ્માર્ટફોન દ્વારા ગુજરાતના છેવાડાના ગામમાં રહેલો ખેડૂત પણ ઈન્ટરનેટના માધ્યમ દ્વારા દેશના તેમજ અન્ય રાજ્યના માર્કેટ, વિવિધ કૃષિ યુનિવર્સિટી તથા વિદેશમાં થઈ રહેલા નવા સંશોધનો વિશે જાણકારી મેળવીને તેનો પોતાની કૃષિમાં ઉપયોગ કરીને વધુ ઉત્પાદન અને વધુ નફામાં ફેરવી શકે છે.

ગુજરાતના ખેડૂતોને ટેકનોલોજીના યુગમાં ઈન્ટરનેટના માધ્યમથી કૃષિજગતની તમામ જાણકારી આંગળીના ટેરવે મળે તેમજ ખેડૂતો કૃષિના અદ્યતન જ્ઞાનથી વાકેફ થાય અને હવામાનમાં ફેરફારોની પળેપળની જાણકારી મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે સ્માર્ટફોનની ખરીદીની સહાય યોજના અમલીકૃત છે. ગીર સોમનાથ જિલ્લામાં વર્ષ ૨૦૨૩-૨૪માં જિલ્લાના ૩૪૮ જેટલા ખેડૂતોને સ્માર્ટફોનની ખરીદીનો લાભ મળ્યો છે. આ ખરીદી પર રૂ.૨૦ લાખ થી વધુની સહાય ચૂકવવામાં આવી છે. ગીર સોમનાથ જિલ્લાનાં ભેટાળી ગામનાં સ્માર્ટફોન યોજનાના લાભાર્થી ખેડૂત શ્રી વિજયસિંહ ઝાલાએ આ અંગે જણાવ્યું હતું કે, સ્માર્ટફોન દ્વારા બિયારણો અને પાકમાં રાખવાની કાળજી અંગેની સચોટ માહિતી સ્માર્ટફોન થકી સરળતાથી મળી





રહે છે. તેમજ વરસાદ અને વાવાઝોડા સહિતની આગોતરી માહિતી મળી રહે છે. તેનાથી સંભવિત અગાહીના અનુસંધાને આગોતરું આયોજન કરીને નુકસાનીથી બચી શકાય છે. આ સાથે, અલગ-અલગ માર્કેટિંગ યાર્ડમાં જણસના ભાવોની જાણકારી મેળવવાથી જણસના ઉત્પાદનના યોગ્ય ભાવ મેળવી શકીએ છીએ. તેમણે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે, પાકમાં સંભવિત રોગ-જીવાત ઉપદ્રવની માહિતી, કૃષિ જગતના પ્રકાશનો, નવીનતમ ખેતી પદ્ધતિ, ખેતીવાડી યોજનાઓ વગેરેની જાણકારી સ્માર્ટફોનના માધ્યમથી ખૂબ સરળતાથી મળી શકે છે. જેના કારણ સમયની સાથે નાણાનો બચાવ થાય છે.

**સ્માર્ટફોન ખરીદી યોજના**

આ યોજના હેઠળ રાજ્યના ખેડૂતોને સ્માર્ટફોન ખરીદી પર ખેડૂતોને મહત્તમ રૂ. ૬,૦૦૦ની સુધીની મળે છે. જેમાં ખેડૂતોને સ્માર્ટફોનની ખરીદ કિંમતના ૪૦ ટકા સહાય અથવા રૂ.૬,૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર થાય છે.

**સ્માર્ટફોન ખરીદી યોજનાનો લાભ કોને મળી શકે**

સ્માર્ટફોન પર ખરીદી સહાય યોજનાનો લાભ રાજ્યમાં જમીનધારણ કરતાં તમામ ખેડૂતોને મળવાપાત્ર છે. આ યોજના હેઠળ સંયુક્ત ખાતાના કિસ્સામાં ખેડૂતોને તેઓની જમીનના ૮-અમાં દર્શાવેલ પૈકી એક જ ખાતેદારને લાભ મળવાપાત્ર થાય છે.

**સ્માર્ટફોન ખરીદી યોજનાનો લાભ કઈ રીતે મળે**

આ સ્માર્ટફોન ખરીદી યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ ઓનલાઈન આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની સાથે જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહે છે.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ખેડૂતો પણ ડિજિટલ યુગમાં કૃષિ ક્ષેત્રે ડિજિટલ સેવાઓના લાભ મેળવી અને અદ્યતન તકનીકો અપનાવી કૃષિ ક્ષેત્રે વિકાસના નવા આયામો ઉમેરે તે માટે નીતિઓ અને યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ખેડૂતો વિકાસ થાય તે માટે સરકાર કટિબદ્ધ છે. ત્યારે તેનો લાભ લઈને ગુજરાતના ખેડૂતો નવીન કૃષિ પદ્ધતિ અપનાવવા સાથે દેશ અને દુનિયામાં ખેતી ક્ષેત્રે થયેલા અધ્યતન સંશોધનો, નવીન બિયારણો, નવીન પદ્ધતિઓ વિશે સ્માર્ટફોનના માધ્યમથી જાણકારી મેળવી અગ્રેસર બની રહ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### ચિલીના પૂર્વ પ્રમુખ સેબેસ્ટિયન પિનેરાનું હેલિકોપ્ટર દુર્ઘટનામાં મોત નીપજ્યુ



। (એજન્સી) લાગો રેક્રો, તા.૭ ।

ચિલીના પૂર્વ પ્રમુખ સેબેસ્ટિયન પિનેરાનું હેલિકોપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ થઈ ગયું છે. પૂર્વ પ્રમુખ અને એક અબજપતિ ટાયકૂનના ઓફિસ દ્વારા આ માહિતી શેર કરવામાં આવી હતી. બંનેના કાર્યાલય વતી જણાવાયું કે અફસોસ સાથે આ માહિતી શેર કરી રહ્યા છીએ કે ચિલી ગણરાજ્યના પૂર્વ પ્રમુખનું નિધન થઈ થઈ ગયું છે. તેઓ ૭૪ વર્ષના હતા. આ ઘટના લાગો રેક્રોમાં બની હતી. આ જગ્યાઓ રજાઓ માણવા માટે જાણીતી છે.

### પેલેસ્ટાઈનની સ્થાપના ન થાય તો સાઉદી અને ઈઝરાયલ સંબંધો નહીં



। (એજન્સી) રિયાધ, તા.૭ ।

સાઉદી અરબે ઈઝરાયલને ફરી એકવાર પોતાની તાકાત બતાવી દીધી છે. બેન્જામિન નેતન્યાહૂના દેશને ચેતવણી આપી દીધી છે કે જ્યાં સુધી એક સ્વતંત્ર રાષ્ટ્ર પેલેસ્ટાઈનની સ્થાપના નહીં કરાય ત્યાં સુધી સાઉદી અને ઈઝરાયલ વચ્ચે કોઈ રાજદ્વારી સંબંધો અસ્તિત્વમાં નહીં આવે. સાઉદી અરબના વિદેશ મંત્રાલયે કહ્યું કે રિયાધ પેલેસ્ટાઈનના લોકોને તેમના અધિકાર આપવા માટે પ્રતિબદ્ધ છે. આ મામલે અમેરિકી સરકારને પણ સાઉદી અરબે તેની સ્થિતિથી વાકેફ કરાવતાં કહ્યું કે ઈઝરાયલ સાથે ત્યાં સુધી કોઈપણ પ્રકારના રાજદ્વારી સંબંધો નહીં રખાય જ્યાં સુધી પેલેસ્ટાઈનને એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્યતા નહીં મળે. ઉલ્લેખનીય છે કે અમેરિકી રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રવક્તા જોન કિર્બીએ મંગળવારે દાવો કર્યો હતો કે બાઈડન સરકારને એવી સકારાત્મક પ્રતિક્રિયા મળી છે કે સાઉદી અરબ અને ઈઝરાયલ સંબંધોને સામાન્ય કરવા વાતચીત ચાલુ રાખવાના ઈચ્છુક છે. જોકે હવે સાઉદીનું તાજેતરનું નિવેદન અમેરિકાની ટિપ્પણી બાદ આવતાં અમેરિકા માટે પણ આ નિર્ણય ઝટકો મનાઈ રહ્યો છે.

### કર્ણાટકમાંથી અયોધ્યાના રામલલા જેવી ૧૦૦૦ વર્ષ જૂની મૂર્તિ મળી



। (એજન્સી) બેંગલુરૂ, તા.૭ ।

કર્ણાટકના રાયચૂર જિલ્લામાં ચમત્કાર થયો છે. એક ગામમાં કૃષ્ણા નદીમાંથી ભગવાન વિષ્ણુની મૂર્તિ મળી આવી હતી. જે આશરે એક હજાર વર્ષ જૂની હોવાનો દાવો કરાયો છે. ખાસ વાત એ છે કે આ મૂર્તિ એકદમ રામલલાની નવી બનાવાયેલી મૂર્તિ જેવી જ છે. ઉલ્લેખનીય છે કે અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ રામમંદિરમાં રામલલાની મૂર્તિ સ્થાપિત કરાઈ હતી. પુરાતત્વવિદોએ કહ્યું કે આ મૂર્તિ ૧૧મી કે ૧૨મી સદીની હોઈ શકે છે. ભગવાન વિષ્ણુના વિગ્રહની સાથે એક પ્રાચીન શિવલિંગ પણ મળી આવ્યું હતું. ભગવાન વિષ્ણુના આ વિગ્રહનો રૂપ રંગ અને સ્વરૂપ અયોધ્યામાં રામલલાના ભવ્ય મંદિરમાં સ્થાપિત વિગ્રહથી મેળ ખાય છે. ભગવાન વિષ્ણુની આ મૂર્તિના પ્રભામંડળની ચારેબાજુ દશાવતારો ઉકેરાયા છે. મૂર્તિ પર મત્સ્ય, કુર્મ, વરાહ, નરસિમ્હા, વામન, રામ, પરશુરામ, કૃષ્ણ બુદ્ધ અને કલ્કી અલંકૃત છે.

### લોકસભામાં વડાપ્રધાનના સંબોધન સામે આક્રોશ

# મોદીએ કોઇને નાના કે મોટા કહેવાની માનસિકતા છોડી દેવી જોઈએ : રાહુલ

### વડાપ્રધાને કહ્યું કે, દેશમાં બે જ જાતિઓ છે, અમીર અને ગરીબ, પરંતુ આજે તેઓએ પોતાને સૌથી મોટા ઓબીસી કહ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે લોકસભામાં સંબોધન કર્યું. તેમાં તેઓએ અનેક મુદ્દાઓ ઉપર વિપક્ષને ઘેર્યા, તે પછી દાનીશ અલિએ એ તો પ્રહારો કર્યા જ હતા. રાહુલ ગાંધીએ પણ તે ભાષણ અંગે પોતાની પ્રતિક્રિયા આપી. સોમવારનાં તે વક્તવ્યમાં વડાપ્રધાને સરકારની યોજનાઓની પ્રશંસા કરતાં વિપક્ષો ઉપર નિશાન સાધ્યું હતું. વડાપ્રધાન આટલેથી જ અટકયા નહીં, તેઓએ જવાહરલાલ નહેરૂ અને ઈંદિરા ગાંધી ઉપર પણ નિશાન સાધ્યા. તેઓએ વિપક્ષ પર પરિવારવાદના આક્ષેપો કર્યા. સાથે કહ્યું, જવાહરલાલ નહેરૂ ભારતીયોને આળસુ કહેતા હતા. આ અંગે રાહુલ ગાંધીએ કડક પ્રતિભાવો આપ્યા હતા. જો કે, વડાપ્રધાને તેઓનાં વક્તવ્યમાં જાતિવાદ, પરિવારવાદ અને લોકસભા ચૂંટણીઓ સહિત અન્ય અનેક મુદ્દાઓ અંગે પણ કહ્યું હતું. આ અંગે સોશ્યલ મીડીયા સાઈટ એક્સ ઉપર એક પોસ્ટ શેર કરી. જેમાં લખ્યું કે : વડાપ્રધાને વારંવાર તેમ કહ્યું કે દેશમાં બે જ જાતિઓ છે. અમીર અને ગરીબ. પરંતુ આજે તેઓએ પ ોતાને સૌથી મોટા ઓબીસી કહ્યા. કોઈને નાના કે મોટા કહેવાની માનસિકતા છોડી દેવી જોઈએ. તે બદલવી અત્યંત જરૂરી છે. ઓબીસી હોય કે દલિત હોય કે આદિવાસી હોય, ગણતરી કર્યા



વિના તેઓને આર્થિક કે સામાજિક ન્યાય આપી શકાય. મોદીજી આડી અવળી વાતો કરતા હતા. તો (તે સર્વેની) વસ્તી ગણતરીથી કેમ ડરે છે ? આ પૂર્વે વિપક્ષી સાંસદ દાનીશ અલિએ એક વિધાન પ્રસિદ્ધ કરતાં કહ્યું કે, આટલુ અહંકારી ભાષણ વડાપ્રધાનને શોભા નથી આપતું. આ સાથે વડાપ્રધાને જવાહરલાલ નહેરૂ અને ઈંદિરા ગાંધીની કરેલી ટીકા વિરૂદ્ધ પણ તેણે પોતાના કઠોર પ્રતિભાવો આપ્યા હતા. સાથે કહ્યું, તમે પરિવારવાદની વાત કરી છે, પરંતુ તમારી પાર્ટીમાં જ પરિવારવાદ નથી દેખાતો? દેશની મહિલાઓ સાથે મણિપુરમાં જે થયું તે તમોને દેખાતું નથી ? મણિપુર અંગે એક શબ્દ પણ તમારા પ્રવચનમાં ન હતો. રેપિસ્ટને પણ તમારી સરકાર વારંવાર પેરોલ આપે છે. શું તે મહિલા પ્રત્યે દયા નથી કે જેની ઉપર ગુરમિત રામ રહીમે રેપ કર્યો હતો. તમે તો તેને ચૂંટણી પ્રચાર માટે ૨ મહિનાના પેરોલ આપો છો.

# હરદા ફટાકડા ફેક્ટરીના માલિક સહિત ત્રણની ધરપકડ કરાઈ

### હરદા જિલ્લાના એસપી મનીષ કુમાર અગ્રવાલે જણાવ્યું કે વિસ્ફોટ સાથે સંબંધિત કેસમાં આરોપીઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

મધ્યપ્રદેશના હરદામાં મંગળવારે સવારે થયેલા બ્લાસ્ટ કેસમાં પોલીસે ગેરકાયદેસર ફટાકડાના કારખાનાના માલિક રાજેશ અગ્રવાલ અને સોમેશ અગ્રવાલ સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. બંને કારખાનાના માલિકો પોલીસથી બચવા માટે હરદા છોડીને નેશનલ હાઈવે પરથી ભાગી રહ્યા હતા, તે દરમિયાન રાજગઢ જિલ્લાના સારંગપુર નજીક હાઈવે પરથી પોલીસે તેમને પકડી લીધા હતા. પોલીસના જણાવ્યા અનુસાર ત્રીજા આરોપીનું નામ રફીક ખાન છે. નોંધનીય છે કે આ મામલામાં હરદાના સિવિલ લાઈન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ ત્રણેય આરોપીઓ પોલીસ કસ્ટડીમાં છે, જેમની આ કેસમાં પૂછપરછ કરવામાં આવી રહી છે. હરદાના મગરધા રોડ પર બનેલી ગેરકાયદેસર ફટાકડાની ફેક્ટરીમાં મંગળવારે સવારે થયેલા બ્લાસ્ટના કારણે સર્જાયેલી તબાહી વચ્ચે કારખાનેદાર રાજેશ અગ્રવાલ અને સોમેશ અગ્રવાલ ઘટનાસ્થળેથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યા હતા. બ્લાસ્ટ કેસમાં પોલીસે શહેરના સિવિલ લાઈન પોલીસ સ્ટેશનમાં



આરોપીઓ વિરુદ્ધ એક્સપ્લોઝિવ એક્ટ અને આઈપીસીની અલગ-અલગ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. આ દરમિયાન પોલીસને માહિતી મળી કે આરોપીઓ ઉજ્જૈનના રસ્તે ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યા છે, જ્યારે પોલીસ મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને દિલ્હીને જોડતા નેશનલ હાઈવે દ્વારા આરોપીઓનું લોકેશન મેળવી રહી હતી. ત્યારબાદ પોલીસની ટીમે ઉજ્જૈન નજીક મક્સીમાં દરોડો પાડ્યો પરંતુ બંને આરોપીઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા, તેમનો પીછો કરતા પોલીસ ટીમે રાજગઢ જિલ્લાના સારંગપુર નજીક હાઈવે પર કારખાનાના બંને માલિકોને પકડી લીધા હતા. દરમિયાન, આ મામલામાં હરદા જિલ્લાના એસપી મનીષ કુમાર અગ્રવાલે જણાવ્યું હતું કે વિસ્ફોટ સાથે સંબંધિત કેસમાં આરોપીઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે, જેમાં ફેક્ટરી માલિકો રાજેશ અગ્રવાલ અને સોમેશ અગ્રવાલનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે આ મામલે શહેરના સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. હાલ તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. હરદામાં ગેરકાયદેસર ફટાકડાના કારખાનામાં બ્લાસ્ટને કારણે ૧૧ લોકોએ જીવ ગુમાવ્યા અને ઘણા ઘાયલ થયા હતા. હરદાના લોકોએ આ ફેક્ટરીમાં ગનપાઉડરનો ગેરકાયદેસર સંગ્રહ અને સલામતીના ધોરણો પૂરા ન કરવા અંગે જિલ્લા વહીવટીતંત્રને ફરિયાદ કરી હતી. લોકોના વધતા દબાણને કારણે જિલ્લા પ્રશાસને ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ આ ફેક્ટરીને સીલ કરી દીધી હતી. ઋષિ ગર્ગ કલેક્ટર હતા. આ આદેશ સામે ફેક્ટરીના માલિક રાજેશ અગ્રવાલે કમિશનર માલસિંહ બહેડિયાને અપીલ કરી હતી.

આ પછી તેને સ્ટે મળ્યો હતો. ઘટના બાદ તરત જ મુખ્ય પ્રધાન ડૉ. મોહન યાદવે ત્રણ સભ્યોની તપાસ સમિતિની રચના કરવાના આદેશ આપ્યો હતો. મધ્યપ્રદેશ સરકારે ત્રણ સભ્યોની તપાસ સમિતિની રચના કરી છે.




નવી દિલ્હીમાં કેન્દ્રીય સચિવાલય મેટ્રો સ્ટેશન (ગેટ ૪) અને અમૃત ઉધાન (ગેટ ૩૫) વચ્ચે બસ સેવાના ફ્લેગ ઓફ સમારોહ દરમિયાન ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ ઉપસ્થિત રહ્યા હતાં.

### ભારતીય મૂળના બેરિસ્ટરનો ઓસિટ્રેલિયામાં ઈતિહાસ

## અરુણ ઘોષ ઓસ્ટ્રેલિયાની સંસદમાં સેનેટર બન્યા, ગીતા પર હાથ મૂકીને શપથ લીધા

। (એજન્સી) કેનબેરા, તા.૭ ।

ભારતીય મૂળના બેરિસ્ટર અરુણ ઘોષે ઓસ્ટ્રેલિયાની સંસદમાં સેનેટર બનીને ઈતિહાસ સર્જયો છે.તેમણે ભગવદ ગીતા પર હાથ મુકીને શપથ લીધા હતા. વરુણ ઘોષનો જન્મ ભારતમાં થયો હતો અને તેઓ ઓસ્ટ્રેલિયાની સંસદના પહેલા એવા સભ્ય છે જેમણે ભારતમાં જન્મ્યા બાદ ઓસ્ટ્રેલિયાની સંસદમાં સ્થાન મેળવ્યુ હોય. વરુણ પશ્ચિમ ઓસ્ટ્રેલિયાના રહેવાસી છે.તેમને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બાનિઝે અભિનંદ આપીને કહ્યુ હતુ કે, નવા સેનેટર વરુણ ઘોષનુ સ્વાગત છે.તમે અમારી ટીમમાં છો એ વાત શાનદાર છે. સેનેટર ઘોષે પણ કહ્યુ હતુ કે, મારુ સૌભાગ્ય છે કે, હું ઓસ્ટ્રેલિયાની સેનેટમાં સ્થાન પામ્યો છું.મને સારુ શિક્ષણ મળ્યુ હતુ અને મને વિશ્વાસ છે કે, દરેક વ્યક્તિને આ જ પ્રકારે સારુ શિક્ષણ ઉપલબ્ધ થાય તેવા પ્રયાસોમાં હું સફળ થઈશ. વરુણ ૧૭ વર્ષના હતા ત્યારે માતા પિતા સાથે ભારતથી ઓસ્ટ્રેલિયા ગયા હતા.તેમણે આગળનો અભ્યાસ ઓસ્ટ્રેલિયાની સ્કૂલમાં કર્યો હતો. તેઓ પર્થમાં રહે છે અને વ્યવસાયે વકીલ છે.

### અમેરિકામાં ફરી ભારતીય વિદ્યાર્થી પર જીવલેણ હુમલો

## શિકાગોમાં ચાર લૂંટારાઓનો હૈદ્રાબાદના વિદ્યાર્થી પર હુમલો

। (એજન્સી) શિકાગો, તા.૭ ।

અમેરિકામાં ફરી એકવાર ભારતીય વિદ્યાર્થી પર જીવલેણ હુમલો થયાની હચમચાવી મૂકે તેવી ઘટના સામે આવી છે. હૈદરાબાદના એક વિદ્યાર્થી પર શિકાગોમાં ચાર સશસ્ત્ર લૂંટારાઓએ હુમલો કરી દીધો હતો. આ ઘટના ત્યારે બની જ્યારે તે વહેલી સવારે કેટલીક વસ્તુઓ સાથે ઘરે પરત ફરી રહ્યો હતો. હુમલાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં ચાર લૂંટારુઓ તેનો પીછો કરતાં દેખાય છે અને તક મળતાં જ તેના પર હુમલો કરતા જોવા મળી રહ્યાં છે. પીડિત વિદ્યાર્થી સૈયદ મજાહિર અલી હૈદરાબાદના લંગર હૌઝનો રહેવાસી છે. તે ઈન્ડિયાના વેસ્લિયન યુનિવર્સિટીમાંથી માસ્ટર ડિગ્રી કરવા માટે અમેરિકા ગયો છે. સીસીટીવી ફૂટેજમાં હુમલાખોરો શિકાગોના કેમ્પબેલ એવન્યુ પાસે તેના ઘરની નજીક તેનો પીછો કરતા દેખાય છે. વીડિયોમાં દેખાય છે કે મજાહિર અલીને માથા, નાક અને મોંમાંથી લોહી વહી રહ્યું છે. તે કહે છે કે,"હું મારા હાથમાં ફૂડ પેકેટ લઈને ઘરે પરત ફરી રહ્યો હતો, ત્યારે ચાર લોકોએ મારા પર હુમલો કર્યો. હું મારા ઘરની નજીક પહોંચ્યો ત્યારે ચારેય લોકોએ મને લાતો અને મુક્કા મારવાનું શરૂ કર્યું હતું. કૃપા કરીને મને મદદ કરો, ભાઈ. મહેરબાની કરીને મારી મદદ કરો." અલીનો આ વીડિયો વાયરલ થયો છે.

## સીરિયામાં ઈઝરાયલની એરસ્ટ્રાઈકમાં ત્રણ નાગરિક સહિત પાંચનાં મોત

। (એજન્સી) હોમ્સ, તા.૭ ।

સીરિયાના હોમ્સ શહેરમાં ઈઝરાયલ દ્વારા આડેધડ હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા જેમાં ૩ નાગરિકો સહિત ૫ લોકો મૃત્યુ પામી ગયા. યુદ્ધ પર નજર રાખતી એક એજન્સીએ કહ્યું કે સીરિયાના સંરક્ષણ મંત્રાલયે અનેક નાગરિકોની જાનહાનિના અહેવાલ આપ્યા છે. સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સે જણાવ્યું કે હોમ્સ શહેરની એક ઈમારત પર ઈઝરાયલ દ્વારા હવાઈ હુમલો કરાયો હતો. જેમાં ત્રણ નાગરિકો સહિત કુલ ૫ લોકો માર્યા ગયા હતા. નાગરિકોમાં એક મહિલા, એક બાળક અને એક પુરુષ સામેલ હોવાની જાણકારી સામે આવી રહી છે. જોકે અન્ય સાત લોકો આ હુમલામાં ઘાયલ પણ થયા હતા. જોકે મૃત્યુ પામેલા બે લોકોની હજુ ઓળખ થઈ શકી નથી. આ મામલે સીરિયાના સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે ઈઝરાયલે ઉત્તરેથી હોમ્સ શહેર અને તેના ગ્રામીણ વિસ્તારોને નિશાન બનાવીને હવાઈ હુમલા કર્યા હતા. ઉલ્લેખનીય છે કે સીરિયામાં ઈરાની સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવીને ઈઝરાયલ દ્વારા ક્રૂરતાપૂર્વક હવાઈ હુમલા કરવામાં આવી રહ્યાં છે.

### ભારત અને કતાર વચ્ચે એલએનજી અંગે કરાર

# એલએનજી આયાતને ૨૦૪૮ સુધી લંબાવવા ૭૮ અબજ ડોલરની સમજૂતી પર હસ્તાક્ષર

### પેટ્રોનેટ એલએનજી લિ.ની દર વર્ષે ૭૫ લાખ ટન ગેસ ખરીદવા કતારની કંપની કતાર એનર્જી સાથે સમજૂતી

। (એજન્સી) બેતુલ (ગોવા), તા.૭ ।

ભારતે કતાર સાથેની એલએનજી આયાતને વર્તમાન ભાવથી ઓછા ભાવે વર્ષ ૨૦૪૮ સુધી લંબાવવા માટે ૭૮ અબજ ડોલરની સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. ભારતની સૌથી મોટી લિકવીફાઈડ નેચરલ ગેસ (એલએનજી) આયાતકાર કંપની પેટ્રોનેટ એલએનજી લિમિટેડએ એક નિવેદનમાં જણાવ્યું છે કે દર વર્ષે ૭૫ લાખ ટન ગેસ ખરીદવા માટે કતારની કંપની કતાર એનર્જી સાથે સમજૂતી કરી છે. આ ગેસનો ઉપયોગ વીજળી ઉત્પન્ન કરવા, ખાતર બનાવવા અને સીએનજીમાં રૂપાંતર કરવા માટે કરવામાં આવશે. ઈન્ડિયા એનર્જી વિક



(આઈઈડબ્લ્યુ) દરમિયાન આ સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતાં. આ રિન્યુ કરવામાં આવેલ સમજૂતીમાં નક્કી થયેલો ભાવ વર્તમાન ભાવ કરતા ઓછો છે. જેના કારણે ભારતને મિલિયન બ્રિટિશ થર્મલ યુનિટ દીઠ ૦.૮ ડોલરની બચત થશે. જેના કારણે ભારતના કુલ ૬ અબજ ડોલર બચશે. પેટ્રોનેટ હાલમાં બે સમજૂતી હેઠળ કતાર પાસેથી વાર્ષિક ૮૫ લાખ ટન એલએનજીની આયાત કરે છે. પ્રથમ ૨૫ વર્ષની સમજૂતી ૨૦૨૮માં સમાપ્ત થઈ રહી છે. જેને વધુ ૨૦ વર્ષ માટે લંબાવવામાં આવી છે. ૧૦ લાખ ટન પ્રતિ વર્ષની બીજી સમજૂતી ૨૦૧૫માં થઈ હતી જેના પર અલગથી મંત્રણા ચાલી રહી છે. આજે થયેલી સમજૂતી અંગે બંને દેશો વચ્ચે છેલ્લા કેટલાક મહિનાઓથી મંત્રણા ચાલી રહી હતી. ઉલ્લેખનીય છે કે કતારના એનર્જી પ્રધાન અને કતાર એનર્જીના ઉચ્ચ અધિકારીઓ ઈન્ડિયા એનર્જી વિકમાં ભાગ લેવા માટે હાલમાં ભારતમાં છે. ભારત વિશ્વમાં ત્રીજો સૌથી મોટો ઉર્જા વપરાશકાર દેશ છે.

બેસણું



સ્વ.યોગીનીબેન ધ્રુવકાંતભાઇ ઉપાધ્યાય

અમારા માતાશ્રી યોગીનીબેન ધ્રુવકાંતભાઈ ઉપાધ્યાય
તા.02/02/2024 ના રોજ દેવલોક પામ્યા છે
સદગત બેસણું તા.08/02/2024 ને
ગુરુવારના રોજ બપોરે 11:00 થી 2:00 વાગ્યાં સુધી અમારા નિવાસ સ્થાને
બાવાકુવા પાસે,બ્રાહ્મણવાડા,સંતરામપુર ખાતે રાખેલ છે

લી.
કેતન ધ્રુવકાંત ઉપાધ્યાય
હિતેષ ધ્રુવકાંત ઉપાધ્યાય
ઓમ હિતેશભાઈ ઉપાધ્યાય
અથર્વ કેતનભાઈ ઉપાધ્યાય
તથા ઉપાધ્યાય પરિવાર

9773048386
9428904171

## તંત્રી લેખ...

# હિમાચલમાં ભારે હિમવર્ષાને કારણે ૪૭૦ થી વધુ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા

હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા અને વરસાદે તારાજી સર્જી છે. હિમવર્ષા અને વરસાદને કારણે મંગળવારે ૪ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૪૭૦ થી વધુ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હતા. આ માર્ગો પરનો વાહનવ્યવહાર સંપૂર્ણ ઠપ થઈ ગયો છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને રસ્તાઓ બંધ થવાને કારણે હિમવર્ષાનો આનંદ માણવા આવેલા પ્રવાસીઓ વિવિધ સ્થળોએ ફસાયા છે. આ સાથે વીજળી પુરવઠો પણ સંપૂર્ણપણે પ્રભાવિત થયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હિમાચલમાં જાન્યુઆરીનું હવામાન છેલ્લા ૧૭ વર્ષમાં સૌથી સૂકું હતું. રાજ્યમાં સામાન્ય ૮૫.૩ મીમી વરસાદ સામે માત્ર ૬.૮ મીમી વરસાદ નોંધાયો છે. જો આ રીતે જોવામાં આવે તો હિમાચલમાં વરસાદમાં ૯૨ ટકાનો ઘટાડો થયો હતો. અગાઉ ૧૯૯૬માં ૯૯.૬ ટકા ઓછો વરસાદ નોંધાયો હતો અને ૨૦૦૭માં ૯૮.૫ ટકા ઓછો વરસાદ નોંધાયો હતો. સ્થાનિક હવામાન વિભાગે આગામી ૬ દિવસ એટલે કે ૧૨મી ફેબ્રુઆરી સુધી રાજ્યમાં શુષ્ક હવામાન રહેવાની આગાહી કરી છે. રાજ્યના ૪૭૦ રસ્તાઓમાંથી લાહૌલ અને સ્પીતિમાં ૧૫૩ રસ્તાઓ, શિમલામાં ૧૩૪, કુલ્લુમાં ૬૮, ચંબામાં ૬૧, મંડીમાં ૪૬ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે, સાથે જ સિરમૌર, કિન્નૌર અને કાંગડાના રસ્તાઓ પર પણ ટ્રાફિક જ્યાં સર્જાયો છે. સિમલા સહિત અનેક સ્થળોએ હિમવર્ષા શરૂ થયા બાદ રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો નોંધાયો હતો, પરંતુ વરસાદે તારાજી સર્જી છે. હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ખદ્રાલામાં ૪ સેમી, કુફરીમાં ૨ સેમી, ભરમૌરમાં ૩ સેમી, સાંગલામાં ૦.૫ સેમી હિમવર્ષા નોંધાઈ છે. આ સિવાય કલ્પા, કુકુમસેરી, નારકંડા અને કીલોંગમાં પણ હિમવર્ષા જોવા મળી હતી. શિમલા હોટેલ એન્ડ ટુરિઝમ સ્ટેકહોલ્ડર્સ એસોસિએશનના પ્રમુખ એમકે સેઠે જણાવ્યું હતું કે ફેબ્રુઆરીમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. ગત સપ્તાહે પ્રવાસન પ્રેમીઓની સંખ્યામાં ૩૦-૭૦ ટકાનો વધારો નોંધાયો છે.

# પ્રધાનમંત્રી આવાસ યોજના થકી લાભાર્થીઓને મળ્યા પાકા ઘર-નવસારી જિલ્લો

## નવસારી જિલ્લાના અષ્ટગામના નિવાસી ગીતાબેન રાઠોડ માટે બની આશીર્વાદરૂપ



। (માહિતી) સુરત ।

રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ આવાસ યોજનાઓએ લાખો ગરીબ લાભાર્થીઓને સ્થાયી નિવાસસ્થાન પૂરું પાડી તેમના પરિવારોને આજીવન ઋણી બનાવ્યા છે. કાચા મકાનમાં રહેતા અને નબળી આર્થિક સ્થિતિ ધરાવતા ગરીબ લાભાર્થીઓએ પાકા મકાનમાં રહેવા મળશે એવું સ્વપ્નમાં પણ વિચાર્યું નહીં હોય. દેશના તમામ નાગરિકો પાસે પોતાનું ઘર હોય એવી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સંકલ્પના છે. જેને સાકાર કરવાના ઉદ્દેશથી વડાપ્રધાનશ્રીએ શહેરી અને ગ્રામીણ વિસ્તારો માટે 'પ્રધાનમંત્રી આવાસ યોજના' શરૂ કરી હતી. પ્રધાનમંત્રી આવાસ યોજનાની આ એક એવી સફળ મિશાલ છે કે તેમના જૂના કાચાં ઘરની જગ્યાએ પાકું ઘર બનાવી શક્યા છે. આ યોજના સહાયથી લાભાન્વિત થનાર મુળ નવસારી જિલ્લાના અષ્ટગામના નિશાળ ફળીયામાં રહેતા ગીતાબેન રાઠોડએ પોતાનું પાકું ઘર મળતા ખુશી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, મને પ્રધાનમંત્રી આવાસ ગ્રામીણ યોજના અંતર્ગત ઘરની સહાય મળેલ છે. વર્ષો થી કાચા મકાનમાં રહેતા હોવાથી વરસાદ દરમિયાન મારા પરિવારને ખુબ મુશ્કેલી પડતી હતી . પરંતુ પોતાનું પાકું ઘર હોય તે સ્વપ્ન સરકારની સહાયથી પૂર્ણ થયું છે. ભૂતકાળના દિવસો યાદ કરતા તેઓ કહે છે કે, વરસાદમાં ટપકતી છતમાં મારું આખું પરિવાર ઘણી મુશ્કેલીમાં રહેતું હતું . આજે હું , મારો પુત્ર પરિમલ અને મારી પુત્રી ખુશ્બુ સાથે અમારા પોતાના પાકા ઘરમાં સુખચેનથી ઉમંગભેર જીવન વ્યતિત કરી રહ્યા છે . આ અંગે વધુમાં તેમણે જણાવ્યું હતું કે, એક દિવસ મારા કાચા ઘરની સમસ્યા અહીના વિસ્તરણ અધિકારીને જણાવતા, તેમણે જરૂરી સાધનીક પુરાવો મારી પાસેથી મેળવી ટુંક સમયમાં પ્રધાનમંત્રી આવાસની સહાય માર એકાઉન્ટમાં તબક્કાવાર મળી હતી . હું હંમેશા વિચારતી કે મારું પરિવાર હમણા સુધી કાચા મકાનની સાથે વરસાદની ટપકતી છતમાં રહ્યો પણ હું મારા સંતાનને પાકા ઘરમાં રાખીશ .

## આમ તો નિર્દોષ, નિખાલસ અને બંને તેટલા નાના બનીને પ્રાર્થના કરવામાં આવે તો તે ઝડપથી ઈશ્વર સુધી પહોંચે છે

# પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ, એ પ્રાર્થના થકી ઈશ્વર સંગ રુદિયુ જોડીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સદભાવના ના સિંચન માટે સમર્થના માટે ઈશ્વર ચરણે પ્રાર્થના બહુ જરૂરી છે.આપણી જાતને ગરીબ નહીં પણ દીન ઉદાસીન રહેવું. પ્રાર્થના કરતી વખતે એક બહુ જ મહત્વની બીજી વાત યાદ રાખવી, કે આપણાથી કંઈ જ થતું નથી. એટલે કે આપણે દિન છીએ અને તે સમર્થ છે, અહંકારી માણસની પ્રાર્થનામાં બળ કે બુદ્ધિ એક પણ હોતું નથી. શારીરિક બળની અહીં વાત નથી એ વાત તો આપણે સૌ જાણીએ છીએ, પરંતુ મનોબળ અને બુદ્ધિની વાત છે. બુદ્ધિશાળી જીવની પહેલી ઓળખ તેના મનોબળથી થાય છે, અને પ્રાર્થના એક એવું માધ્યમ છે,કે જેનાથી મનોબળ વધે છે. આમ તો નિર્દોષ, નિખાલસ, અને બંને તેટલા નાના બનીને પ્રાર્થના કરવામાં આવે તો તે ઝડપથી ઈશ્વર સુધી પહોંચે છે, એટલે કે ઈશ્વરને સંભળાય છે. જીવ ને જ્યાં સુધી પોતાની કાર્યક્ષમતાનું અહમ રહેશે, ત્યાં સુધી તે ઈશ્વરથી દૂર રહે છે. આ 'હું' નામનો એરુ એવો છે, જે સતત આપણી જિંદગીને વિષીલી બનાવે છે, અને છતાં આપણે તેને પોષણ આપી આપીને તગડો બનાવીએ છીએ.

આજે જ્યારે આ સત્ય સમજાય છે, ત્યારે જીવનમાં ઘણાં વર્ષ ચાલ્યા ગયા છે, પરંતુ શરણાગતિ જેટલી સ્વતંત્રતા બીજા એક પણમાં નથી હોતી, તે સત્ય આજે સમજાઈ ગયું છે.વાત આ મારી તમારી છે જ નહીં, વાત સાર્વજનિક છે, કે સમાજના ૮૦% ઉપરના લોકો આ ઘમંડના રોગનો ભોગ બને છે, અને બાકીના ૨૦ ટકા માંથી કેટલાય આવાં અહંકારીનો ભોગ બનીને વિકૃત બને છે. બંનેમાં વિકૃતિ તો છે એકમાં ગુણ હોવાને કારણે વિકૃતિ છે, અને એકમાં ગુણ ન હોવાને કારણે વિકૃતિ છે. સમાજ દર્શન કરતા આપણને ખ્યાલ આવે છે, કે સૌ પોતાના જીવનનો મહત્વનો સમય એટલે કે જુવાની થી પ્રૌઢાવસ્થા સુધીનો સમય આ અહંકાર નામના એરુને પોષવામાં જ વિતાવે છે,અને જ્યારે ખબર પડે ત્યારે મોટાભાગનાનો સમય હાથમાંથી ચાલી ગયો હોય છે ,એટલે કે ઈન્દ્રિયની રીતે પરવશ થઈ ગયો હોય, અને બહાદુરીનું કાર્ય કરી શકવાને સમર્થ હોતો નથી. તો પ્રશ્ન ત્યાં આવે કે જુવાનીમાં એવું શું થાય કે એનાથી આપણે આ અહંકારના એરુને નાથી શકીએ?? કોઈ રીતે આત્મદીપ પ્રજ્વલિત થાય તો આ અહમ નાથી શકાય, કારણ આત્મદીપનાં અજવાળામાં જ સત્ય પ્રેમ અને કરુણા અનુભવાય છે.આજે આપણે આવી જ એક પ્રાર્થના વિશે વાત કરીશું.

**નરસિંહરાવ દિવેટિયા**

પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ,
દૂર પડ્યો નિજ ધામથી હું ને ઘેરે ઘન અંધાર,
માર્ગ સુઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ,
મારો જીવન પંથ ઉજાળ. ...પ્રેમળ જ્યોતિ...
ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ, દૂર નજર છો ન જાય,
દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય. ...પ્રેમળ જ્યોતિ...
આજ લગી રહ્યો ગર્વમાં હું ને માગી મદદ ન લગાર,
આપ-બળે માર્ગ જોઈને ચાલવા હામ ધરી મૂઢ બાળ,
હવે માગું તુજ આધાર. ...પ્રેમળ જ્યોતિ...
ભભકભર્યા તેજથી હું લોભાયો, ને ભય છતાં ધર્યો ગર્વ,
વીત્યાં વર્ષોને લોપ સ્મરણથી સ્ખલન થયાં જે સર્વે,
મારે આજ થકી નવું પર્વ. ...પ્રેમળ જ્યોતિ...
તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ આજ લગી પ્રેમભર,
નિશ્ચે મન તે સ્થિર પગલેથી ચલવી પહોંચાડશે ઘેર,
દાખવી પ્રેમળ જ્યોતિની સેર. ...પ્રેમળ જ્યોતિ...
કંદર્પ ભૂમિ કળણ ભરેલી ને ગિરીવર કેરી કરાડ,
ધસમસતાં જળ કેરાં પ્રવાહો સર્વ વટાવી કૃપાળ,
મને પહોંચાડશે નિજ દ્વાર. ...પ્રેમળ જ્યોતિ...
રજની જશે ને પ્રભાત ઉજળશે ને સ્મિત કરશે પ્રેમાળ,
દિવ્ય ગણોના વદન મનોહર (મારે) હૃદય વસ્યાં ચિરકાળ,
જે મેં ખોયાં હતા ક્ષણવાર. ...પ્રેમળ જ્યોતિ...

નરસિંહરાવ દિવેટીયાની રચનાનો કોઈ ભાવાર્થ કરવાની જીવની ક્ષમતા નથી, તે એક નાગર ગૃહસ્થ હતા. ગીતામાં પણ કવિને ભગવાન યોગેશ્વર એ પોતાની વિભૂતિ કહ્યા છે. જ્યારે આવા કોઈ કવિની રચના આપણી નજર સમક્ષ આવે, ત્યારે આપણને તેમની રચના થકી, તેનો એટલે ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે. અદભુત શબ્દોના સંયોજનથી બનેલી આ રચના લખતી વખતે જરા વિચારીયે કે કવિ ના ભાવ કેવા રહ્યા છે, તો નિશ્ચિતપણે આપણે તેમના ચરણમાં પડવાનું મન થાય. કાળ ગમે તે હોય, પરંતુ શબ્દ જેટલા અસર કરે છે, કેટલા શસ્ત્રો અસર નથી કરતા. પછી તેની સારી બાજુ પણ હોઈ શકે, અને ખરાબ બાજુ પણ હોઈ શકે. મંથરા ના વચનથી કેકેયી ભ્રમીત થયા ને રામ ને વનવાસ થયો, તે પણ શબ્દ હતાં,ને આ રામાયણની કથા તુલસીદાસજી એ લખી તો તેનાથી કેટલાય ના જીવન આજ સુધી સુધરી ગયા,એ પણ શબ્દ નું સામર્થ્ય. એટલે કહેવાનું તાત્પર્ય એટલું, કે શબ્દમાં બહુ જ તાકાત છે.તો કોઈ પણ સર્જન હોય તો તે વંદનીય જ છે, પરંતુ આવી રચના કરવા વાળા રચનાકાર ને તો કોટી કોટી વંદન કરવા જ રહ્યા.

ત્રણ સપ્ટેમ્બર ૧૯૫૯ માં તેમનો અમદાવાદ જિલ્લામાં જન્મ થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેમણે અમદાવાદમાં જ પ્રાપ્ત કર્યુ, અને ત્યાર પછી તે મુંબઈની એફલોન્ટીક યુનિવર્સિટી માં અભ્યાસ કર્યો. તેમણે ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી ને વાઈસ કલેકટર ને કલેકટર ની પદવી પર સર્વિસ કરી હતી.તે ખૂબ જ સેવાભાવી ને સમાજ સુધારક હતાં. આ ઉપરાંત પહેલા સર્વીસ ના અનુસંધાને દક્ષિણ એશિયાના દરિયા કિનારે રહ્યા ને ફર્યા, તેથી તેની અંદર નું કવિત્વ જાગ્યું, ને સમાજ ને આવી ઉતમ કૃતિ ઓ પ્રાપ્ત થઈ.તેવો બહુ મોટા ગજાના કવિ,લેખક, વિવેચક ને ભાષાશાસ્ત્રી હતાં.

રચના તો, આગળ કહ્યું તેમ તેનો ભાવાર્થ કરવાનું આપણું ગજું નથી, પરંતુ આત્મ દીપ પ્રજ્વલિત થતાં તે પ્રેમ ના અજવાળા ને સંબોધીને આખી રચના છે, અને દીપ પ્રજ્વલિત નથી થયો, ત્યાં સુધી નું આત્મ નિવેદન છે, અહંકાર થી ઘેરાયેલો જીવ કેવી કેવી મુસીબત પોતે જ વહોરે છે તે નો નિર્દેશ કર્યો છે. હું પણા માં ઘેરાઈને હું ગમે તે કરું છતાં તે કદી મને અવગણ્યો નથી, અને ગિરીવર તે મારો માર્ગ સવાર્યો જેથી મારા કદમ નિશ્ચિત પણે એક દિવસ પરમ ધામ સુધી પહોંચશે એવી તને આશા હતી.આ અહંકારની રાત જશે અને મુસ્કારાતું મંગલ પ્રભાત થશે. ક્ષણ વાર જે હું ચુક્યો એ દિવ્ય મનોહર વદન ચિરકાળ સુધી મારે અંતરે વસ્યા.પ્રેમળ જ્યોતિ ની તાકાત કેટલી છે તે આ રચના પરથી જોઈ શકાય છે. અહંકાર એ જીવન ને પતન તરફ લઈ જનાર છે, જ્યારે પ્રેમ એ અનરાધાર વરસતું અમૃત છે બસ એક અનુભવ થાય તો પછી કોઈ દુન્યવી સંબંધ તેને એ માર્ગે જતાં રોકી શકતા નથી.દરેકે દરેકના જીવનમાં પરમ પ્રેમ ને અનુભવવાની એક તક ઈશ્વર આપે એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવી પ્રાર્થના સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

## જ્ઞાનને વ્યવહારમાં મૂકવું પણ જરૂરી છે જે જ્ઞાન વ્યવહારમાં ન આવતું હોય તે કંગાળના પૈસા જેવું હોય છે જે તિજોરીમાં પડેલું હોય છે

# સુખએ બાહ્ય સંપત્તિ નથી આંતરિક સંપત્તિ છે આ સંપત્તિ પૈસાથી નહીં પણ ધીરજ થી મળે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આપણી ખુશી આપણે કેટલા ધનવાન છીએ તેના પર નથી પરંતુ આપણે કેટલા ધીરજ ધરાવીએ છીએ તેના પર નિર્ભર છે. સુખ કે આનંદ વ્યક્તિની પોતાની માનસિકતા પર આધાર રાખે છે. અસંતુષ્ટ વ્યક્તિ જીવનમાં ક્યારેય સુખ પ્રાપ્ત કરી શકતો નથી. સુખનો અર્થ એ નથી કે કંઈપણ મેળવવું પણ જે છે તેનાથી સંતુષ્ટ થવું. જીવનમાં ખુશી ત્યારે નથી આવતી જ્યારે આપણે કોઈ વસ્તુ પ્રાપ્ત કરીએ છીએ પરંતુ તે ત્યારે આવે છે જ્યારે સુખ મેળવવાની લાગણી આપણી અંદરથી જતી રહે છે. માણસ સોનાના મહેલમાં પણ નાખુશ રહી શકે છે જો તેની વધુ પ્રાપ્ત કરવાની ઈચ્છા જતી ન હોય અને ઝૂંપડીમાં પણ જો તેની વધુ પ્રાપ્ત કરવાની ઈચ્છા જતી ન હોય તો માણસ અત્યંત ખુશ રહી શકે છે.સુખએ બાહ્ય સંપત્તિ નથી. આંતરિક સંપત્તિ છે.આ સંપત્તિ પૈસાથી નહીં પણ ધીરજ થી મળે છે.

આળસ ખૂબ જોખમી છે. કોઈપણ કાર્ય કરવા માટે શરીરની અસમર્થતા વ્યક્ત કરવી,તે શારીરિક આળસ છે. કોઈપણ કામ કરતા પહેલાએ વિચારવુંકે આ કામ મારા વશમાં નથી અથવા કોઈપણ કામ કરતા પહેલા જ હાર માની લેવી અને પીછેહઠ કરવી,આ માનસિક આળસ છે. આ માનસિક આળસને કારણે ઘણા લોકો નાખુશ થઈ જાય છે, નિષ્ફળ જાય છે અને આ નિરાશા ને કારણે ડિપ્રેશનમાં પહોંચી જાય છે. આ માનસિક આળસને દૂર કરવાનો ઉપાય સારો વિચાર, સકારાત્મક વિચાર,ભગવાનની ઉપાસના અને સારા લોકોની સંગત છે.

એક વિચાર માણસની દુનિયા બદલી નાખે છે.જો તે વિચાર શુભ હોય તો તે વ્યક્તિની પોતાની પ્રગતિનું કારણ તો બને જ છે પરંતુ અન્ય લોકોના જીવનમાં પણ પરિવર્તન લાવવાની શક્તિ ધરાવે છે. તેથી હંમેશા સારું વિચારો. જે લોકો પૈસાનો દુરુપયોગ કે દુરુપયોગ કરે છે તેઓ સમજે છે કે તેઓ તેનો નાશ કરી રહ્યા છે. દુનિયા તમને એટલા માટે યાદ કરે છે કારણકે તમારી પાસે મોટા પૈસા છે, પરંતુ એટલા માટેકે તમારી પાસે મોટું મન છે અને તમે માત્ર પૈસા કમાતા નથી પણ જરૂર પડ્યે તેનો ત્યાગ પણ કરો છો. માત્ર પૈસા કમાવાથી સમાજમાં તમારું મહત્વ વધતું નથી, પરંતુ કમાણી સાથે ડૂબી જવાથી વ્યક્તિ સમાજમાં મૂલ્યવાન અને વિશેષ બને છે.

શાસ્ત્રોમાં પૈસાની ત્રણ હિલચાલ નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉપયોગ,વપરાશ અને વિનાશ. પૈસામાંથી તમે જેટલું ઈચ્છો તેટલું સુખ કમાઓ અને બાકીના પૈસાને સર્જન,સત્કર્મ અને સારા કાર્યોમાં ખર્ચવાની પ્રથા તમારા જીવનમાં બનાવો. જો તમે આ કરી શકતા નથી તો સમજી લો કે તમારી સંપત્તિનો નાશ થવાનો છે. જીવનનું એક સત્ય એ છે કે જે ભેગું થાય છે તે દુઃખ બની જાય છે અને જે વહેંચાય છે તે પ્રસાદ બની જાય છે.

જ્ઞાનને વ્યવહારમાં મૂકવું પણ જરૂરી છે. જે જ્ઞાન વ્યવહારમાં ન આવતું હોય તે કંગાળના પૈસા જેવું હોય છે જે તિજોરીમાં પડેલું હોય છે પણ જરૂરિયાતો પૂરી કરવામાં ક્યારેય મદદ કરતું નથી. જ્ઞાની અને સંસારી માણસમાં ફરક એ છેકે જ્ઞાની માણસ મરતી વખતે પણ હસે છે અને સંસારી માણસ જીવતી વખતે પણ મરી જાય છે. જ્ઞાન કેવી રીતે હસવું તે શીખવતું નથી, તે ફક્ત રડવાના કારણોને દૂર કરે છે. જ્ઞાની માણસ દરેક પરિસ્થિતિમાં ખુશ રહે છે કારણ કે તે જાણે છે કે તેને જે મળ્યું તે ક્યારેય મારું નહોતું અને મારાથી જે ખૂટે છે તે પણ મારું નથી. સમજદાર વ્યક્તિ આ વાતને મનમાંથી સ્વીકારે છે કે પરિવર્તન કુદરતનો નિયમ છે. દુન્યવી વ્યક્તિ રડે છે કારણ કે તેની માન્યતા પ્રમાણે તેને જે મળ્યું છે તે તેનું હતું અને તેના બળ પર મળ્યું છે. જે ખૂટે છે, તે હંમેશા તેના પર પોતાનો અધિકાર માની લે છે.અશાંત રહેવાનું આ જ કારણ છે.જ્ઞાનમાં જીવો,મૂર્ખતામાં નહીં જેથી તમે દરેક પરિસ્થિતિમાં ખુશ રહીને સુખી જીવન જીવી શકો.

તમે તમારા પોતાના લોકોને હરાવી ને ક્યારેય જીતી શકતા નથી, તમે તમારા પોતાના લોકોથી હારીને જ જીતી શકો છો.જે ભાંગી પડેલાને કેવી રીતે સુધારવું અને ગુસ્સાને સાંત્વના આપવી તે જાણે છે તે જ જ્ઞાની છે.વર્તમાન સમયમાં પરિવારોની સ્થિતિ ચોક્કસપણે ચિંતાનો વિષય છે.

આજે ઘરે બધા કહેવા તૈયાર છે પણ કોઈ સાંભળવા તૈયાર નથી. સંબંધોને મજબૂત કરવા માટે માત્ર કહેવાની જ નહીં, સાંભળવાની પણ આદત કેળવવી પડશે. પોતાને સાચા સાબિત કરવા કરતાં પરિવારની ખુશીઓ જાળવવી વધુ મહત્વપૂર્ણ છે.આજે ઘરમાં હોય કે બહાર દરેક વ્યક્તિ અધિકારની વાત કરે છે પણ ફરજની વાત કોઈ કરતું નથી. તમે તમારી ફરજ બજાવો, પુરસ્કારની શોધ ન કરો. જીવનની સુંદરતા એ નથી કે તમે કેટલા ખુશ છો, પરંતુ તમે કેટલા ખુશ છો.જીવનમાં હંમેશા અનુકૂળ પરિસ્થિતિઓ હોવી શક્ય નથી, તેથી જેઓ પ્રતિકૂળતાઓને અનુકૂળમાં પરિવર્તિત કરે છે તેઓ જ જીવનનો સાચો આનંદ માણી શકે છે.

**વિશ્વમાં કોઈ પણ ધ્યેય વ્યક્તિના સંકલ્પથી મોટું નથી.**

પ્રતિકૂળતાઓ આપણા માર્ગમાં એટલા અવરોધો નથી બનતી જેટલી આપણે આપણા પોતાના માર્ગમાં અવરોધો ઉભી કરીએ છીએ.જો જીવન હશે તો સમસ્યા ઓ ચોક્કસ ઊભી થશે કારણ કે દરેક ક્ષણે પરિવર્તન એ જીવનનો સ્વભાવ છે. સમસ્યા રજૂ થાય તે પહેલાં જ તેનાથી ડરવું વ્યક્તિને અતાર્કિક બનાવે છે અને તેની નિર્ણય લેવાની ક્ષમતાને અસર કરે છે.

દરેક પરિસ્થિતિનો આનંદપૂર્વક સામનો કરતા શીખો.દરેક અવરોધ નો આનંદ સાથે, શાંત ચિત્તે અને પ્રભુમાં વિશ્વાસ રાખીને સામનો કરો.તમારી પાસે ઉકેલ છે, તમે માત્ર હિંમત હારી રહ્યા છો. યાદ રાખો કે સમસ્યા પીછે હઠ કરીને નહીં પરંતુ તેનો સામનો કરીને હલ થશે.

વાચક ચાહક મિત્રો, ભગવદ્ ગીતા જ્ઞાન ચિંતનમાં આપણે જીવનમાં ઉપયોગી એવી કેટલીક વાતો લઈએ છીએ કે મને અને તમને હૃદય મનમાં એક સુંદર દિવ્ય જયોત પ્રગટાવે જે એકમેક માટે પ્રેરણારૂપ બની રહે તેવી આશા સહ અસ્તુ.

# જે.કે પેપર મીલ સોનગઢ ખાતે ક્લોરિન ગેસ લીકેજ થતા ફફડાટ

## ક્લોરિન ગેસ લીકેજ ઓફસાઇટ ઇમર્જન્સી અંગે જિલ્લા કક્ષાની મોકડ્રીલ યોજાઇ : મોકડ્રીલ જણાતા કર્મીઓમાં રાહતનો હાંશકારો

। (માહિતી) સુરત ।

તાપી જિલ્લામાં સોનગઢ ખાતે સ્થિત જે.કે. પેપર મીલ ખાતે કેમિકલ રિયેક્શનના ઝેરી ગેસ હવામાં ફેલાતા કર્મીઓમાં ભયનો માહોલ ફેલાયો હતો. ઝેરી ગેસની ચપેટમાં આવેલા કંપનીના ત્રણ કર્મીઓને સૌ પ્રથમ ઘટના સ્થળે એમ્બ્યુલેન્સ મારફત પ્રાથમિક સારવાર આપ્યા બાદ ત્વરિત ધોરણે હોસ્પિટલ ખસેડાયા હતા. જે.કે.પેપર મિલમાંતા. ૭ મીએ સવારે ૧૧.૦૧ કલાકે ક્લોરિન ગેસ લિકેજની ઘટના બની હતી. ક્લોરિન ગેસ લીકેજ નિયંત્રણની બહાર જતા જે.કે. પેપર મીલ (CPM) સોનગઢના લોકલ ક્રાઈસિસ ગૃપ દ્વારા ૧૧.૨૦ કલાકે સંપૂર્ણ સાઈટને ઓફસાઈટ ઈમરજન્સી જાહેર કરાયો હતો. જે.કે. પેપર મીલના ઈમરજન્સી કન્ટ્રોલ રૂમ દ્વારા ક્લોરિન ગેસ લીકેજ અંગેની જાણકારી ડિસ્ટ્રીકટ ક્રાઈસીસ ગ્રુપના મુખ્ય કંટ્રોલ રૂમ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમમેન્ટ વિભાગ, સોનગઢ અને વ્યારા ફાયર વિભાગ, આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગને ત્વરિત ધોરણે આપવામાં આવી હતી. આ અંગે તાપી જિલ્લા વહિવટી તંત્ર તથા જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્રને જાણ થતા ટીમ તાપી એક્શન મોડમાં આવી હતી. ડિસ્ટ્રીકટ ક્રાઈસીસ ગ્રુપ દ્વારા જિલ્લાની વિવિધ ઈમરજન્સી વિભાગોને સત્વરે જાણ કર્યા બાદ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લેતા લોકલ ક્રાયસીસ ગ્રુપના મેમ્બરના અધિકારીઓ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી સી.એમ જાડેજા, નાયબ જિલ્લા વિકાસ



અધિકારીશ્રી સંદિપ ગાયકવાડ, સોનગઢ મામલતદારશ્રી, પી,એસ.આઈ ઉકાઈ, જેકે પેપર મિલ,ઉકાઈ ફાયર, સોનગઢ ફાયર બ્રિગેડ ટીમ પણ ઘટના સ્થળે આવી પહોચી હતી. વહિવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓએ ઘટના સ્થળે પહોંચી સમગ્ર ઘટનાનો તાગ મેળવ્યો હતો. ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમે એક્શન મોડમાં આવીને રાહત બચાવવાની કામગીરી હાથ ધરી હતી. આ બનાવમાં ભોગ બનેલા ૦૩ કર્મીઓ સારવાર બાદ સાજા થયા હતા. ક્લોરિન ગેસ લિકેજની ઘટના બાદ આ ઘટનાને સુરક્ષા અને ઘટના બનતા આગોતરા આયોજનના ભાગરૂપે યોજાયેલી મોકડ્રીલ જાહેર કરાઈ હતી. જે બાદ કર્મીઓ તેમજ સ્થાનિક ગ્રામજનોએ હાંશકારો અનુભવ્યો હતો. તાપી વહિવટી તંત્ર તથા જોઈન્ટ ડિરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ, સુરત સાથે સંયુકત ઉપક્રમે આકસ્મિક દુર્ઘટના સામે સતર્કતાના ભાગરૂપે આજે સ્ટોરેજ એરીયામાં ક્લોરિન કેમિકલ ગેસ લીકેજ થવા અંગેની આપાતકાલિન પરિસ્થિતિને પહોંચી વળવા તથા પુર્વ તૈયારીઓના ભાગરૂપે જે.કે પેપર મિલ ખાતે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. અધ્યક્ષસ્થાનેથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સી.એમ જાડેજા દ્વારા ડિ-બ્રિફિંગ મીટિંગમાં સમગ્ર ટીમના સંકલનની સરાહના કરી ખરેખર કોઈ આ પ્રકારની ઘટના બને ત્યારે પણ આવી જ રીતે કો-ઓર્ડીનેશનથી કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું. આ ઉપરાંત તેમણે તમામ વિભાગોને તેઓના સુચનો અને માર્ગદર્શન અંગે ચર્ચા કરી તેની નોંધ લેવા કંપનીના સંબંધિત અધિકારી-કર્મચારીઓને જરૂરી સુચનો આપ્યા હતા.

**કમરના દુખાવા જેવી શારીરિક સમસ્યાથી રાહત**

# પીઠ દર્દ અને કમર દર્દથી પરેશાન છો?



યોગ કરવાથી શરીરને ઘણા ફાયદા થાય છે. શારીરિક તેમજ માનસિક સમસ્યાઓથી રાહત મેળવવા માટે યોગ અસરકારક છે. સ્ત્રીઓ અને પુરુષો યોગ કરીને શરીર અને મનને ફિટ રાખે છે. ઘણા લોકો પીઠનો દુખાવો, કમરનો દુખાવો અને કરોડરજ્જુની સમસ્યાઓથી પીડાય છે. સામાન્ય રીતે આ સમસ્યા સ્ત્રીઓમાં જોવા મળે છે. ચોક્કસ યોગાસન કરીને પણ આ સમસ્યાઓથી રાહત મેળવી શકાય છે. યોગ શિક્ષક ગીતા કોલ્હેએ આ અંગે માહિતી આપી છે. મર્કટાસન કરતી વખતે સૌથી પહેલા પીઠ પર સૂવું જોઈએ. બંને પગ ઘૂંટણ સુધી વાળેલા હોવા જોઈએ. તમારા હાથને ખભાની રેખા પર રાખો અને તમારી હથેળીઓ આકાશ તરફ રાખો. શ્વાસ બહાર કાઢતી વખતે, પગને ડાબી તરફ અને ગરદનને જમણી તરફ ફેરવો. આ આસન કરવાથી કમરને ઘણી રાહત મળે છે. કમરની લવચીકતા વધે છે. કમરમાં જડતા લવચીક બને છે. આ આસનનો અભ્યાસ દરેક બાજુ ત્રણ વખત કરવો જોઈએ. દરેક સ્થિતિમાં દસ સેકન્ડ માટે પકડી રાખો. ચેતુબંધાસન આસન મહિલાઓ રોજિંદા કાર્યો કરતી વખતે આગળ ઝૂકી જાય છે. જેના કારણે પીઠ પર ઘણો તણાવ રહે છે. આ તણાવ ઘટાડવા માટે ચેતુબંધાસન ખૂબ જ ઉપયોગી છે. આ પ્રકારના આસનમાં બંને પગ ઘૂંટણ સુધી નમેલા હોય છે. શ્વાસ લેતી વખતે, કમરને ઉપર ઉઠાવો. દસ સેકન્ડ માટે પકડી રાખો અને તમારી પાછલી સ્થિતિ પર પાછા ફરો. આ આસનનો ઓછામાં ઓછો દસ વખત અભ્યાસ કરવો જોઈએ. અર્ધ મત્સ્યાસન એ એક પ્રકારનું આસન છે ,જેમાં પીઠ પર સૂઈને ગરદનને હાથના ટેકાથી ઉંચી કરવામાં આવે છે. શ્વાસ બહાર કાઢતી વખતે માથું ખોપરી ઉપરની ચામડી પર રાખવું જોઈએ. આ આસનમાં ગરદન પર ભાર આવે છે. આ આસન થાઈરોઈડ ગ્રંથિના સ્ત્રાવને સુધારે છે. આ આસન ચહેરા તરફ લોહીનું ભ્રમણ વધારે છે, જેથી ચહેરા પર ચમક આવે છે. આ આસનમાં પીઠ ધનુષાકારે વળે છે. આ આસનમાં ખોળાને પદ્માસનમાં રાખવામાં આવે છે. જે મહિલાઓને આ આસન કરવાનો મહાવરો હોતો નથી, તેમને આ આસન કરવામાં થોડી મુશ્કેલી પડી શકે છે. ભલે તેઓ અડધા મત્સ્યાસન જ કરે. હાથનો ટેકો લો અને માથાની ચામડીને વાળો. આ આસન કમરનો દુખાવો, પીઠનો દુખાવો, સર્વાઈકલ સ્પોન્ડિલાઈટિસ, થાઈરોઈડની સમસ્યા, માસિક ધર્મની ફરિયાદો જેવી સમસ્યાઓ માટે ખૂબ જ ફાયદાકારક છે.

**ગાજરની છાલ ફેંકશો નહીં, આ રીતે મુખવાસ બનાવો**

# શિયાળામાં ગાજર સાથે તેની છાલના ફાયદા



ઠંડીની સિઝનમાં બજારમાં મસ્ત ગાજર આવે છે. ગાજર ખાવાથી હેલ્થને અઢળક ફાયદાઓ થાય છે. આ સાથે સ્કિન પણ મસ્ત રહે છે. ગાજરમાંથી તમે અનેક પ્રકારની વાનગીઓ બનાવી શકો છો. ખાસ કરીને લોકો ગાજરમાંથી સલાડ, હલવો તેમજ બીજી અનેક રીતે ઉપયોગમાં લેતા હોય છે. પરંતુ વાત કરવામાં આવે તો મોટાભાગના લોકો ગાજર છોલીને એની છાલને ફેંકી દેતા હોય છે. આમ, તમે પણ આ ભૂલ કરો છો તો આ આર્ટિકલ ખાસ તમારી માટે છે. તમે ગાજરની છાલને અનેક રીતે ઉપયોગમાં લઈ શકો છો. આમ, તમારી ગાજરની છાલનો ઉપયોગ થશે અને તમારે ફેંકવાનો વારો પણ નહીં આવે. ગાજરની છાલને ફેંકશો નહીં. આ માટે તમે ગાજરની છાલને પહેલાં પાણીથી ધોઈ લો. ત્યારબાદ તડકામાં સુકવી દો. પછી આ છાલને તમે તેલમાં તળીને ઉપરથી મીઠું, ચિલી ફ્લેક્સ અને ઓરેગાનો છાંટીને ફ્રાય કરી લો. આ રીતે તમે ગાજરની છાલનો ઉપયોગ કરીને એને ખાઓ છો તો બહુ મજા આવશે. આને તમે મુખવાસ તરીકે પણ ખાઈ શકો છો. આમાં તમે તલ અને વરિયાળી પણ નાખી શકો છો.

તમે ગાજરની છાલનો સૂપ બનાવીને પણ પી શકો છો. આ સૂપ પીવાની બહુ મજા આવે છે. ગાજરની છાલમાંથી બનાવેલો સૂપ અનેક પોષક તત્વોથી ભરપૂર હોય છે. આ સૂપ તમે એક વાર પીશો તો ક્યારેય ગાજરની છાલ ફેંકશો નહીં. આ માટે સૌથી પહેલાં ગાજરની છાલને ધોઈ લો. ત્યારબાદ કુકરમાં થોડુ પાણીને બાફી લો. પછી બ્લેન્ડર ફેરવી લો. હવે કાળુ મીઠું અને ખાંડ નાખીને ૫ થી ૭ મિનિટ માટે થવા દો. તો તૈયાર છે ગાજરનો સૂપ. ગાજરનો સૂપ તમે આ રીતે બનાવીને પીશો તો બહુ મજા આવશે.



ગાજરની છાલનો ઉપયોગ તમે કોઈ વસ્તુના ગાર્નિશિંગ માટે પણ કરી શકો છો. ભાતથી લઈને તમે બીજી અનેક વસ્તુ પર ગાજરની છાલથી ગાર્નિશ કરી શકો છો.

ગાજરની છાલને તમે દૂધમાં ઉકાળીને પછી ચમચીથી ખાઓ છો તો મજ્જા પડી જાય છે. આ માટે ફૂલ ફેટ વાળુ દૂધ લો અને ઉકળવા દો. ત્યારબાદ ગાજરની છાલ નાખો. પછી ખાંડ અને ઈલાયચીનો પાવડર નાખો. પ્રોપર રીતે ઉકળી જાય એટલે ગેસ બંધ કરી દો.

**વજનને કંટ્રોલમાં ન કરવામાં આવે તો તે ભવિષ્યમાં બીમારીઓનું કારણ બની શકે છે**

# તમારી ઉંમર પ્રમાણે કેટલું હોવું જોઈએ વજન?



પોતાના વજનને લઈને દરેક વ્યક્તિ ચિંતિત હોય છે. વજન ઓછું હોય તેની ચિંતા અને વજન વધુ હોય તો તેની પણ ચિંતા. ઘણી વાર હાઈટ પ્રમાણે કેટલું વજન હોવું જોઈએ તેની યોગ્ય જાણકારીના અભાવે જેની ચિંતા ન કરવી જોઈએ તેની પણ ચિંતા વ્યક્તિ કરતી હોય છે. તો આ મુંજવણને દૂર કરવા માટે આજે અમે અહીં ચાર્ટ આપી રહ્યા છીએ કે હાઈટ પ્રમાણે સ્ત્રી અને પુરુષનું વજન કેટલું હોવું જોઈએ. આજકાલ લોકો પોતાના સ્વાસ્થ્યને લઈને પહેલાથી જ ઘણા સાવચેત થઈ ગયા છે. પોતાની સાથે પોતાના પરિવારના દરેક સભ્યને પણ ફિટ રહેવા અને સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા માટે જણાવે છે. જો પોતાને ફિટ રાખવા માટે નાની ઉંમરથી જ બાળકોને સાચી જાણકારી મળે, તો આજીવન તે પોતાના સ્વાસ્થ્ય માટે સતર્ક રહેવાનું શીખી જાય છે. પોતાના વજનને કંટ્રોલમાં રાખવા માટે તે શક્ય દરેક પ્રયાસ કરે છે, પરંતુ ઘણા લોકો તે નથી જાણતા કે ઉંમર અને કદ પ્રમાણે કેટલું વજન હોવું જોઈએ. તેવામાં જો તમારા મનમાં પણ વજન અને ઉંમરને લઈને કોઈ પ્રકારના પ્રશ્ન છે તો તમને અહીં તેનો જવાબ મળશે.

દરેક વ્યક્તિનું શરીર અલગ હોય છે અને તેમનું વજન પણ અલગ-અલગ પરિબળથી નિર્ધારિત કરવામાં આવે છે. આ પરિબળ, ઉંમર, ઉંચાઈ અને લિંગના આધારે નક્કી કરવામાં આવે છે. રિસર્ચર્સનું માનવું છે કે યોગ્ય ઉંમરમાં પોતાના વજનને કંટ્રોલમાં ન કરવામાં આવે તો તે ભવિષ્યમાં બીમારીઓનું કારણ બની શકે છે અને એક ઉંમર પછી મુશ્કેલીઓ ઉભી કરી શકે છે. બોડી માસ ઈંડેક્સની ગણતરી કરવી હોય તો તમે ઓનલાઈન કેલ્ક્યુલેટરની મદદથી તમારી લંબાઈ અને વજન વિશે જાણકારી લઈ શકો છો.

**શરીર પર એક પણ ડાઘા ધબ્બા ના દેખાય તો તમારા માટે આ પેક બેસ્ટ છે**

# સ્નાન કરતા પહેલાં શરીર પર લગાવો આ પેક



આ માટે તમે રસોડામાં પડેલી વસ્તુઓનો ઉપયોગ કરો છો અને રેગ્યુલર યુઝ કરો છો તો તમારી સ્કિન ચમકી ઉઠી છે. આ પહેલાં કોલેજન બુસ્ટ કરે છે અને સ્કિનની રંગત નિખારે છે. પછી ત્વચામાં જમા થયેલા ડેડ સેલ્સને સાફ કરે છે અને બ્લેક હેડ્સ સાફ કરવામાં મદદ કરે છે. તો જાણો કઈ વસ્તુઓથી તમે સ્કિનને ચમકાવી શકો છો. હળદર પેક સ્કિનને ક્લિન કરવાનું કામ કરે છે. આ પેક તમે પૂરી બોડીમાં લગાવી દો અને સ્ક્રબિંગ કરો. આમ કરવાથી પોર્સ ખુલી જશે અને પૂરી સ્કિન સાફ થઈ જશે. આમ કરવાથી તમારી સ્કિન અંદરથી ચમકી જશે. આ સાથે ત્વચામાં બદલાવ આવશે. ડેડ સેલ્સ સાફ કરવા માટે હળદરનો પેક તમે યુઝ કરી શકો છો. આ તમારી ત્વચામાં જમા થયેલી ગંદકીની સાથે ડેડ સેલ્સનો સફાયો કરે છે જેના કારણે સ્કિન અંદરથી ચમકી ઉઠે છે. આ પેક તમે અઠવાડિયામાં ત્રણ વાર લગાવી શકો છો. આ પેક તમારી ત્વચાને અંદરથી ક્લિન કરીને ચમકાવે છે. આમ, તમારી સ્કિન ડેમેજ થઈ ગઈ છે અને ડાર્ક થઈ ગઈ છે તો આ પેક તમારા માટે બેસ્ટ છે. આ પેકથી સ્કિન મસ્ત ખીલી ઉઠશે. હળદર અથવા હલ્દી લાંબા સમયથી છે. સારા-જૂના 'હલ્દી ચંદન'ના સંદર્ભો યાદ છે? આ મિશ્રણને તમારી ત્વચા માટે વરદાન માનવામાં આવે છે, કારણ કે તે ત્વચાને ખૂબસૂરત સોનેરી ચમક આપે છે. તેના ખીલ વિરોધી અને બળતરા વિરોધી ગુણધર્મો સાથે, તે માત્ર કોઈપણ બેક્ટેરિયલ ચેપ અને તેમાંના ડાઘની કાળજી લે છે, પરંતુ ત્વચાને શાંત કરે છે અને રંગને સમાન બનાવે છે. અન્ય વિવિધ ઘટકો સાથે જે તેના ફાયદાઓને વધારે છે, હળદરનો ફેસ પેક તમારી ત્વચાની લગભગ તમામ સમસ્યાઓ માટે એક નિરર્થક ઉપાય છે.

**BOLLYWOOD NEWS FLASH**

# હીરો જ નીકળ્યો વિલન, દર્શકોના હોશ ઊડી ગયા



વર્ષ ૨૦૨૨માં સાઉથની એક ફિલ્મ આવી જેણે દર્શકોના મનને હચમચાવી નાખ્યું. ખાસ વાત એ છે કે ફિલ્મની શરૂઆતમાં જે પાત્રને લોકો હીરો માનતા હતા તે ક્લાઈમેક્સમાં વિલન સાબિત થાય છે. તે ફિલ્મનું નામ છે 'જન ગણ મન'. મલયાલમ ભાષામાં બનેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર જબરજસ્ત હિટ રહી હતી. 'જન ગણ મન' એક સસ્પેન્સ-થ્રિલર ફિલ્મ છે, જેને પડદા પર શાનદાર રીતે દર્શાવવામાં આવી છે. જો તમે આ ફિલ્મ જોવાનું શરૂ કરશો, તો તે સમાપ્ત થાય ત્યાં સુધી તમને ઉઠવાનું મન થશે નહીં. કારણ કે આ ફિલ્મ તમને અંત સુધી બાંધી રાખે છે. જ્યારે આ ફિલ્મ સિનેમાઘરોમાં રજૂ કરવામાં આવી હતી, ત્યારે વિવેચકો અને પ્રેક્ષકો દ્વારા તેની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. પૃથ્વીરાજ સુકુમારન અને સૂરજ વેંજારામુડુએ 'જન ગણ મન'માં મુખ્ય ભૂમિકાઓ ભજવી છે અને બંને સ્ટાર્સે પોતાના જોરદાર અભિનયથી દરેકને પોતાના ચાહકો બનાવી દીધા હતા. ફિલ્મ 'જન ગણ મન'ની વાર્તા યુનિવર્સિટીના પ્રોફેસરની હત્યાથી શરૂ થાય છે અને પછી તેની તપાસની જવાબદારી એસીપી સજ્જન કુમાર (સૂરજ વેંજારામુડુ)ને આપવામાં આવે છે. વાર્તામાં ટ્વિસ્ટ આવે છે જ્યારે અરવિંદ સ્વામીનાથન (પૃથ્વીરાજ સુકુમારન) પ્રવેશે છે. અરવિંદ સ્વામીનાથન કોર્ટમાં સજ્જન કુમાર સામે કેસ લડે છે અને તે એક-એક કરીને સમગ્ર કહાણી ખોલે છે. ફિલ્મના ક્લાઈમેક્સમાં જ્યારે પ્રોફેસરની હત્યા પાછળનું રહસ્ય ખુલ્યું છે.

# બસ્તરઃ ધ નક્સલ સ્ટોરીનું ટીઝર રિલીઝ



વિપુલ અમૃતલાલ શાહે જે દિવસથી 'ધ કેરાલ સ્ટોરી' ટીમ સુદીપ્તો સેન અને અદા શર્માની સાથે 'બસ્તરઃ ધ નક્સલ સ્ટોરી' માટે ફરીથી હાથ મેળવ્યો છે ત્યારથી ફિલ્મને લઈને લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દર્શકો ફિલ્મના ટીઝર માટે ઘણાં સમયથી રાહ જોતા હતા. હવે ફાઈનલી ફિલ્મના ટીઝર પરથી પડદો ઉઠી ગયો છે અને ટ્રેલર શાનદાર છે જેને જોઈને તમે મજબૂત, ઈમોશનલ અને સાહસી જેવા અહેસાસોનો અનુભવ કરશો. આ ફિલ્મમાં અદા શર્મા આઈપીએસ નીરજા માધવનની ભૂમિકામાં છે. સામે આવેલા ટીઝરમાં એક્ટ્રેસ એક મિનિટ લાંબો મોનોલોગ બોલતી નજરે પડે છે, જે રૂંવાટા ઉભા કરી દે એવી છે. ટીઝરમાં અદા શર્મા એક ઓફિસમાં બેઠેલી જોવા મળે છે. એને કમાન્ડો જેવા કપડા પહેર્યા છે. ટીઝરમાં અદા શર્મા કહે છે પાકિસ્તાનની સાથે થયેલા ૪ યુદ્ધોમાં આપણાં ૮૭૩૮ જવાન શહીદ થયા છે, પરંતુ શું તમે જાણો છે કે આપણાં દેશની અંદર નક્સલીઓએ ૧૫૦૦૦ હજારથી પણ વધારે જવાનોની હત્યા કરી છે? બસ્તરમાં આપણાં ૭૬ જવાનોને ક્રુરતાથી મારવામાં આવ્યા, ત્યારે આનો જશ્ન મનાવવામાં આવ્યા, જેએનયુમાં.. વિચારો આપણાં દેશની પ્રતિષ્ઠા યુનિવર્સિટી આપણાં જવાનોની શહાદત પર જશ્ન મનાવે છે. ક્યાંથી આવા વિચારો આવે છે? બસ્તરમાં ભારતના ભાગલા પાડવાનું કાવતરું કરી રહ્યા છે અને મોટા શહેરો બેસેલા ડાબેરી ઉદારવાદી સ્યુડો બૌદ્ધિકો એમને સમર્થન આપી રહ્યા છે. વિપુલ અમૃતલાલ શાહ દ્વારા નિર્મિત અને આશિન એ શાહ દ્વારા સહ-નિર્મિત 'બસ્તરઃ ધ નક્સલ સ્ટોરી' સુદીપ્તો સેન દ્વારા નિર્દેશિત છે. આમાં અદા શર્મા મુખ્ય ભૂમિકામાં હશે. આ ફિલ્મ સનશાઈન પિક્ચર્સના બેનર હેઠળ બનાવવામાં આવી રહી છે. આ ફિલ્મ ૧૫ માર્ચ ૨૦૨૪ના રોજ દુનિયા ભરના મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થશે. વાત અદા શર્માના વર્કફ્રન્ટની કરવામાં આવે તો આ પહેલા ધ કેરાલા સ્ટોરીમાં જોવા મળી હતી. અનુમાન લગાવવામાં આવી રહ્યુ છે કે આ ફિલ્મ પણ લોકોને ખૂબ પસંદ પડશે અને ફેન્સ ખુશ થઈ જશે.




# Lal Salaamનું ધાંસૂ ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું

## ફિલ્મે બોક્સ ઓફિસ પર તેની કિંમત કરતા અનેકગણી કમાણી કરીને નિર્માતાઓના ખિસ્સા પણ ભર્યા હતા




રજનીકાંત, વિક્રાંત અને વિષ્ણુ વિશાલની અપકમિંગ ફિલ્મ 'લાલ સલામ'નું ટ્રેલર લોન્ચ થયુ છે. આ ફિલ્મને લઈને લાંબા સમયથી ચર્ચામાં રહી હતી. ફિલ્મને રજનીકાંતની દીકરી એશ્વર્યાએ ડાયરેક્ટ કરી છે. આ એક સ્પોટ ડ્રામા છે જેમાં ક્રાઈમ અને એક્શનનો ફૂલ તડકો જોવા મળી રહ્યો છે. ફિલ્મમાં રજનીકાંત એક મુસ્લિમ ગેંગ લીડરની ભૂમિકામાં છે. ફિલ્મમાં ધાર્મિક સદ્ભાવ અને સાંપ્રદાયિક્તા જેવા મુદ્દાઓ દેખાડવામાં આવ્યા છે. ખાસ વાત તો એ છે કે આ ફિલ્મમાં કપિલ દેવનો પણ કેમિયો છે. લાલ સલામના ટ્રેલરની શરૂઆત ગાઢ જંગલમાં કોઈની રાહ જોઈ રહેલા લોકોથી થાય છે. પછી એક કારની પાસે બોમ્બ બ્લાસ્ટ થાય છે. આગળના સીનમાં વિષ્ણુ સહિત ઘણાં લોકો ક્રિકેટ રમતા જોવા મળી રહ્યા છે. ત્યારબાદ મારપીટ તેમજ તોફાન જોવા મળે છે. ફિલ્મમાં એક ધર્મના પ્રત્યે નફરતની રાજનીતિનો એંગલ બતાવવામાં આવ્યો છે. ફિલ્મમાં રજનીકાંતે મોઈદીન ભાઈની ભુમિકા નિભાવી છે. આમાં એક્શનની સાથે-સાથે એમની એન્ટ્રી થાય છે. ઘણાં સીનમાં ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન રહેલા કપિલ દેવની ઝલક જોવા મળે છે. આ ક્રિકેટ ગ્રાઉન્ડમાં ખેલાડીઓને ટ્રેનિંગ અને એક સીનમાં રજનીકાંતની સાથે બેસીને મેચ જોતા જોવા મળી રહ્યા છે. લાલ સલામના ટ્રેલરમાં રજનીકાંતનો એક્શન અવતાર જોઈને તમે ફિદા થઈ જશો. ફિલ્મનું ટ્રેલર દમદાર છે. 'લાલ સલામ' ફિલ્મ ૯ ફેબ્રુઆરીના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. રિલીઝના ૪ દિવસ પહેલાં ધમાકેદાર ટ્રેલર લોન્ચ કરવામાં આવ્યુ છે. ફિલ્મનું બેકગ્રાઉન્ડ મ્યૂઝિક કમાલનું છે. એઆર રહેમાને આનું મ્યૂઝિક કમ્પોઝ કર્યુ છે. આમ, વાત કરવામાં રજનીકાંતની એન્ટ્રી દરેક ફિલ્મમાં કંઈક હટકે રીતે અને ધમાકેદાર હોય છે. જો કે આ વખતે પણ કંઈક આવુ જ છે. 'લાલ સલામ' મુવીમાં પણ તમે રજનીકાંતની એન્ટ્રી જોઈને ઘરમાં સીટી વગાડવો લાગશો એટલી જોરદાર છે. આ ટ્રેલર સોશિયલ મિડીયામાં ધૂમ મચાવી રહ્યુ છે. આ ટ્રેલર લોકોને ખૂબ પસંદ પડી રહ્યુ છે.

# સુરતના જહાંગીરપુરા ખાતે સુરત જિલ્લાના પ્રથમ 'ભારત બ્રાન્ડ' ઉત્પાદન વેચાણકેન્દ્ર 'ગ્રામલક્ષ્મી હાટ'નો શુભારંભ



। (માહિતી) સુરત, તા.૭ ।

સુરતના જહાંગીરપુરા ખાતે NCCF પ્રમાણિત અને સખીમંડળની બહેનો દ્વારા સંચાલિત સુરત જિલ્લાના પ્રથમ 'ભારત બ્રાન્ડ' ઉત્પાદક વેચાણ 'ગ્રામલક્ષ્મી હાટ'નો શુભારંભ કરવામાં આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં 'ગ્રામલક્ષ્મી હાટ' થકી 'ભારત બ્રાન્ડ'ના ઉત્પાદનોના વિતરણ માટેના રથોનું મહાનુભાવોના હસ્તે ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભારત બ્રાન્ડના રાઈસ લોન્ચિંગ કરાયું હતું, જે હવે ગ્રામલક્ષ્મી હાટમાં ઉપલબ્ધ બનશે.

ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI) અંતર્ગત બે સહકારી સમિતિઓ નેશનલ એગ્રીકલ્ચરલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિ. (NAFED) અને નેશનલ કોઓપરેટિવ કંઝ્યુમર ફેડરેશન ઓફ ઈન્ડિયા (NCCF) પ્રમાણિત અને સખી મંડળની બહેનો દ્વારા ગ્રામલક્ષ્મી હાટનું સંચાલન કરવામાં આવશે. ઓલપાડ તાલુકાના અસનાડ ગામ સંચાલિત સંસ્કૃતિ સંખી મંડળના પ્રમુખ સેજલ દેસાઈના નેજા હેઠળ ગ્રામલક્ષ્મી હાટ અંતર્ગત સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ગ્રામલક્ષ્મી હાર્ટથી ૨૦ જેટલા ગ્રામહાટના સ્થળે માલ સપ્લાય કરવામાં આવશે, તેમજ સખી મંડળની બહેનોને રોજગારી મળી રહેશે. સુરત જિલ્લાની ગ્રામીણ ક્ષેત્રની મહિલાઓમાં આર્થિક સ્વતંત્રતા અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે 'ગ્રામલક્ષ્મી હાટ' એક મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ રહ્યું છે.

ભારત બ્રાન્ડ હેઠળ ચણાની દાળ, ઘઉંનો લોટ, ચોખા, મગ અને મગની દાળ જેવી આવશ્યક અને પૌષ્ટિક વસ્તુઓ લોકો સુધી પહોંચાડવામાં આવશે. નોંધનીય છે કે, કુબેરજી ટેક પ્રા.લિ. ગ્રામીણ અર્થવ્યવસ્થામાં પરિવર્તન લાવવા અને સમુદાયોના ઉત્થાન માટેની પહેલોમાં સક્રિયપણે ભાગ લેવાના તેના મિશન પ્રત્યે સમર્પિત છે. જેના સહયોગથી સરકાર દ્વારા 'ગ્રામલક્ષ્મી હાટ' થકી ખેતરથી રસોડા સુધી નજીવા દરે ગુણવત્તાયુક્ત-પોષણક્ષમ ખેત ઉત્પાદન પ્રોડક્ટ્સ મળી રહેશે. જેમાં ગામના દરેક પરિવારો સુધી ગ્રામલક્ષ્મી હાટની પ્રોડક્ટસનું સખી મંડળની બહેનો ઘરબેઠા વેચાણ કરીને રોજગારી મેળવી શકશે. આમ, ગ્રામલક્ષ્મી હાટ થકી બહેનોને આજીવિકા સાથે મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

# ડો.વી.આર.ગોઢાણીયા કોલેજના વિદ્યાર્થીઓએ પોરબંદર જિલ્લા માહિતી કચેરીની મુલાકાત લીધી



। (માહિતી બ્યુરો) પોરબંદર, તા.૭ ।

ડો.વી.આર.ગોઢાણીયા કોલેજના વિદ્યાર્થીઓએ પોરબંદર જિલ્લા માહિતી કચેરીની મુલાકાત લીધી હતી. જિલ્લા સેવાસદન-૨ ખાતે આવેલા જિલ્લા માહિતી કચેરીની સમાજકાર્ય વિભાગના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. ફિલ્ડ વર્કના ભાગરૂપે સમાજકાર્ય વિભાગના વિદ્યાર્થીઓને જુદી-જુદી સંસ્થાની મુલાકાત લઈ કચેરીની કામગીરીની માહિતી મેળવવાની હોય છે તેમ વિદ્યાર્થીઓ સાથે આવેલા આસી. પ્રોફેસર જલ્પાબેન ઓડેદરાએ જણાવ્યુ હતુ. જિલ્લા માહિતી કચેરી ખાતે માહિતી મદદનીશ જીતેન્દ્ર નિમાવતે માહિતી કચેરીની કામગીરી વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. જેમાં સરકારની પ્રેસનોટ, ખાસલેખ, સાફલ્યગાથા, પરંપરાગત માધ્યમો દ્વારા પ્રચાર પ્રસાર, સોશ્યલ મિડીયા દ્વારા પ્રચાર પ્રસાર, ગુજરાત પાક્ષિક સહિત પુસ્તિકાઓ, સરકારની ફ્લેગશીપ યોજનાઓ, પ્રેસ કોન્ફરન્સ વગેરે સંપાદન વિભાગ દ્વારા થતી કામગીરીની જાણકારી આપી હતી.

# જી-શાળા એપ્લિકેશનના ઉપયોગમાં ધોળકા તાલુકાની ઈંગોલી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો રાજ્ય કક્ષાએ ટોપટેનમાં સમાવેશ

### રાજ્ય કક્ષાએ ધોરણ ૨ થી ૮ ના ટોપટેન વિદ્યાર્થીઓમાં ૭૦% વિદ્યાર્થીઓ માત્ર ઈંગોલી પ્રાથમિક શાળાના



। (માહિતી) અમદાવાદ, તા.૭ ।

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના ઇ-લર્નિંગ અને મહાવરા સાથે અભ્યાસ માટે જી-શાળા એપ્લીકેશન લોન્ચ કરવામાં આવી છે. જેમાં દરેક વિષય અને એકમના ઇ-કન્ટેન્ટ, ઓડિયો, વિડિયો, પીડીએફનો સમાવેશ કરવામાં આવ્યો છે. જી-શાળા એપ્લીકેશનમાં સરકારી શાળાના તમામ વિદ્યાર્થીઓના આઈડી અને પાસવર્ડ જનરેટ કરવામાં આવ્યા છે. જી-શાળા એપ્લીકેશનનો વિદ્યાર્થીઓ નિયમિત ઉપયોગ કરે એ માટે શિક્ષણ વિભાગ દ્વારા રિયલ ટાઈમ મોનીટરીંગ સિસ્ટમ ઊભી કરવામાં આવી છે. જેમાં વિડિયો, પીડીએફ, એસેસમેન્ટના આધારે વિદ્યાર્થીઓને રેંકિંગ આપવામાં આવે છે. આખા રાજ્યમાં જે તે ધોરણ મુજબ વિદ્યાર્થીઓને રેંકિંગ આપવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓ વર્ગ, શાળા, ક્લસ્ટર, તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ ટોપટેનમાં સમાવિષ્ટ થઈ શકે છે. ઈંગોલી પ્રાથમિક શાળાના આચાર્ય ધર્માંશુ પ્રજાપતિ અને શિક્ષકો દ્વારા જી-શાળા એપ્લીકેશનના ઉપયોગ બાબતે વિદ્યાર્થીઓ અને વાલીઓને પડતી વિવિધ પ્રકારની મુશ્કેલીઓનો અભ્યાસ કરી તેના નિવારણ માટે આયોજન પૂર્વક પૂરા પ્રયત્નો કરવામાં આવ્યા. જેના ભાગરૂપે જાન્યુઆરી-૨૦૨૪ માં રાજ્ય કક્ષાએ ટોપ ટેન માં ધોરણ ૨ થી ૮ ના કુલ ૭૦ વિદ્યાર્થીઓ માંથી ઈંગોલી પ્રાથમિક શાળાના ૪૯ વિદ્યાર્થીઓ સ્થાન પામ્યા છે.

ઈંગોલી પ્રા.શાળા અને ગામ માટે ગર્વની વાત છે કે, તમામ ધોરણના વિદ્યાર્થીઓ રાજ્યમાં ટોપ ટેનમાં સમાવિષ્ટ થયા છે. શાળા પરિવાર તરફથી આ વિદ્યાર્થીઓને નિયમિત અને સમયાંતરે પ્રોત્સાહિત કરી અભિનંદન આપવામાં આવે છે. શાળાના આચાર્ય ધર્માંશુ પ્રજાપતિ દ્વારા શાળા કક્ષાએ જી-શાળા અંતર્ગત ક્રિયાત્મક સંશોધન કરવામાં આવેલ છે. અન્ય શાળાઓના શિક્ષકોને પ્રેરણા અને માર્ગદર્શન મળી રહે તે હેતુથી તાલુકા અને જિલ્લા કક્ષાએ એજયુકેશન ઈનોવેશન ફેરમાં જી-શાળા વિષય સાથે રજૂઆત કરવામાં આવેલ છે. આમ, ઈંગોલી પ્રાથમિક શાળા જી-શાળા એપ્લીકેશનના સાર્થક ઉપયોગનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

# કાર્યક્રમની તૈયારીના ભાગરૂપે હિંમતનગર ખાતે કલેક્ટરશ્રી નૈમેષ દવેની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ



। (માહિતી) હિંમતનગર-સાબરકાંઠા, તા.૭ ।

રાજ્ય સરકારશ્રીના નેતૃત્વ હેઠળ આગામી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ વડાપ્રધાનશ્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ તેમજ મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારશ્રીની અમલીકૃત પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ), પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી), હળપતિ આવાસ યોજના, ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દીનદયાલ ઉપાધ્યાય આવાસ યોજનાઓના સમગ્ર રાજ્યના ૩૩ જિલ્લાઓનાં અંદાજીત ૧,૨૭,૦૦૦ આવાસોના ઈ-લોકાર્પણ તથા ખાતમુહૂર્તનો મુખ્ય કાર્યક્રમ બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતેથી યોજાનાર છે. જે અંતર્ગત સાબર-કાંઠા જિલ્લાના ૪ વિધાનસભા મત વિસ્તારમાં વિવિધ યોજનાઓના આવાસોનું લોકાપર્ણ કાર્યક્રમ યોજાશે. જિલ્લામાં આ કાર્યક્રમ હિંમતનગરમાં એ.પીએમ સી માર્કેટ યાર્ડ, ઇડરમાં એ.પીએમ સી માર્કેટ યાર્ડ સાપાવાડા, તલોદમાં ઉમિયાવાડી સલાટપુર અને ખેડબ્રહ્મામાં આરડેકતા કોલેજ ખાતે યોજાશે.

વડાપ્રધાનશ્રીના વર્ચુઅલ કાર્યક્રમની તૈયારીના ભાગરૂપે કલેક્ટર કચેરી સભાખંડ ખાતે કલેક્ટરશ્રી નૈમેષ દવેની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કાર્યક્રમના સુચારુ આયોજન અર્થે વિવિધ વિભાગોના અધિકારીઓને કરવાની થતી કામગીરી અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરા, ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી પાટીદાર, પ્રાયોજના વહીવટદારશ્રી સહિત વિવિધ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડની કોમર્સ કોલેજનો આંતર કોલેજ રસ્સાખેંચ રમતમાં દબદબો, ૮ વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કક્ષાએ રમવા જશે



। (માહિતી) વલસાડ, તા.૭ ।

વલસાડની કોમર્સ કોલેજનો આંતર કોલેજ રસ્સાખેંચ રમતમાં દબદબો, ૮ વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કક્ષાએ રમવા જશે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંચાલિત આંતર કોલેજ રસ્સાખેંચ ભાઈઓ અને બહેનોની સ્પર્ધા વલસાડની કોમર્સ કોલેજ અને બીલીમોરાની એવી પટેલ કોમર્સ કોલેજ ખાતે યોજાઈ હતી. ભાઈઓમાં ૨૦ ટીમો અને બહેનોમાં ૧૮ ટીમોએ ભાગ લીધો હતો. રસ્સાખેંચની રમતમાં કોમર્સ કોલેજ વર્ષોથી સિદ્ધિ હાંસલ કરી રહી છે. સતત ૭ વર્ષથી ભાઈઓની ટીમ અને ૬ વર્ષોથી બહેનોની ટીમ યુનિવર્સિટી ચેમ્પિયન બની છે. ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી પસંદગી પ્રક્રિયામાં પણ વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન કરી ૫ ભાઈઓ અને ૩ બહેનો યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામી રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા જનાર છે. ખેલાડીઓને કોચિંગ અને માર્ગદર્શન શારીરિક શિક્ષણના અધ્યાપક પ્રા. મુકેશભાઈ કે.પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. કોલેજનું ગૌરવ વધારી આગામી દિવસોમાં રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જનાર ખેલાડીઓને કોલેજના ટ્રસ્ટી મંડળના સભ્યો, આચાર્ય ડૉ.ગિરીશકુમાર એન. રાણા, કોલેજના તમામ ટીચિંગ અને નોનટીચીંગ સ્ટાફે અભિનંદન પાઠવી શુભેચ્છા પાઠવી હતી.

# ૧૪માં નેશનલ સાયન્સ સિમ્પોઝિયમ-૨૪માં સરકારી સાયન્સ કોલેજ બગસરાના વિદ્યાર્થીઓએ સાયન્ટીફીક પોસ્ટર્સ પ્રદર્શનમાં પ્રથમ સ્થાન સાથે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો




। (માહિતી) અમરેલી, તા.૭ ।

તાજેતરમાં ક્રાઈસ્ટ કોલેજ રાજકોટ ખાતે ૧૪માં નેશનલ સાયન્સ સિમ્પોઝિયમ-૨૪ યોજાયુ હતુ. સરકારી સાયન્સ કોલેજ બગસરાના વિદ્યાર્થીઓએ આ સિમ્પોઝિયમમાં ભાગ લઈને સાયન્ટીફીક પોસ્ટર્સનું પ્રદર્શન રજૂ કર્યુ હતુ. તમામ વિદ્યાર્થીઓએ કુલ ૪ પોસ્ટર્સ રજૂ કર્યા હતા. રાઠોડ મહેક અને દાફડા પાયલના સાયન્સ ઓફ એડિક્ષનના પોસ્ટરને અંડર ગ્રેજ્યુએટ લેવલમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયુ હતુ અને તેમને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. આ પોસ્ટર્સ યુવાઓમાં ડ્રગ્સ અને નશીલી દવાઓના વ્યસનને લઈને જાગૃત્તિ ફેલાવવામાં મદદ કરે છે. બગસરા સરકારી સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓની નોંધપાત્ર સિદ્ધિને લઈને આચાર્ય શ્રી ડો.આર. પી.ભટ્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી. વિજેતા પોસ્ટર્સ મેકર્સ એવા વિદ્યાર્થીઓને કોલેજના પ્રાધ્યાપક શ્રી ડો.નિલય પંડ્યા, ડો.ગોપાલ રાઠોડ, શ્રી પાર્થ ડોડિયા, કુ. પ્રીયંદા સનુરા, ઉપરાંત બહાઉદ્દીન કોલેજના માનદ પ્રાધ્યાપક શ્રી ડો.મનીષ જાની, ડો.પરેશ પોરીયા, ડો.ચિત્તરંજન, ડો.ધવલ મહેતા, ડો.અજય સહિતની ટીમ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. ઉપરાંત વિદ્યાર્થીઓ સહિત પ્રાધ્યાપકોની સહીયારી મહેનતનું આ પરિણામ છે તેમ આચાર્ય સરકારી સાયન્સ કોલેજ, બગસરાની એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# ડાંગ જિલ્લામાં તા.૧૦મી ફેબ્રુઆરીએ યોજાશે 'આવાસ લોકાર્પણ અને ખાતમુહૂર્ત' કાર્યક્રમ

। (માહિતી) ડાંગ, તા.૭ ।

જિલ્લા વહીવટી તંત્રે કાર્ય આયોજનને આપ્યો આખરી ઓપ - રાજ્ય સમસ્તની જેમ ડાંગ જિલ્લામાં પણ તા.૧૦મી ફેબ્રુઆરી-૨૦૨૪ ના રોજ યોજાનારા 'આવાસ લોકાર્પણ અને ખાતમુહૂર્ત' કાર્યક્રમને ડાંગ જિલ્લા વહીવટી તંત્રે આખરી ઓપ આપી દીધો છે. આ અંગે રચાયેલી જિલ્લા કક્ષાની સમિતિના સભ્યોને માર્ગદર્શન આપતા ડાંગ કલેક્ટર શ્રી મહેશ પટેલે, ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત ડાંગ સ્વરાજ આશ્રમ ખાતે આયોજિત કાર્યક્રમ સ્થળે, લાભાર્થીઓ માટેની આનુષાંગિક વ્યવસ્થાઓ સુપેરે જાળવવા અપીલ કરી હતી. કલેકટરશ્રીએ ખાતમુહૂર્ત અને લોકાર્પણના આવાસો, તેના લાભાર્થીઓ, મુખ્ય સ્ટેજ ઉપરથી વિતરણ કરાનાર લાભો, અને પ્રતિભાવો વ્યક્ત કરતા લાભાર્થીઓની પસંદગી આખરી કરવાની સૂચના આપી, લાભાર્થીઓ માટેની બેઠક વ્યવસ્થા જેવી બાબતોએ પણ, સૂક્ષ્મ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયાએ ટ્રાફિક નિયમન અને પાર્કિંગ સહિતના મુદ્દે વિસ્તૃત જાણકારી મેળવવા સાથે, ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# જામનગરમાં ખેલ મહાકુંભ ૨.૦ અન્વયે જિલ્લા કક્ષાની ભાઈઓની જુડોની સ્પર્ધા યોજાઈ



। (માહિતી) જામનગર, તા.૭ ।

સ્પોર્ટ્સ ઓથોરિટી ગુજરાત દ્વારા સંચાલિત અને જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી રમા કે.મદ્રાના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં ખેલ મહાકુંભ ૨.૦ અન્વયે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જામનગર જિલ્લા કક્ષાની ભાઈઓની જુડોની સ્પર્ધા પી.વી. મોદી સ્કૂલ ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૧૫૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સ્પોર્ટ્સ કો-ઓર્ડીનેટર શ્રી મયુરભાઈ ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સાળંગપુર ગામે "સ્વચ્છતા હી સેવા" અંતર્ગત સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી : મુખ્ય બજાર ખાતે સફાઈ કરી કચરાનો નિકાલ કરાયો




। (માહિતી બ્યુરો) બોટાદ, તા.૭ ।

બરવાળા તાલુકાના સાળંગપુર ગામે "સ્વચ્છતા હી સેવા" અંતર્ગત સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) દ્વારા કષ્ટભંજન મંદિર અને બી.એ.પી.એસ મંદિર પાસે મુખ્ય બજાર ખાતે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ટીમ દ્વારા વિસ્તારની સ્વચ્છતા સુનિશ્ચિત કરવા, કચરાના વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરવા અને સ્વચ્છ વાતાવરણ જાળવવા માટે કામગીરી કરવામાં આવી હતી. સ્વચ્છતા હી સેવા અભિયાન ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સંપૂર્ણ સ્વચ્છતા જાળવી લોકોની સુખાકારીમાં વધારવાની દિશામાં કાર્ય કરવા પ્રેરણા આપી રહ્યું છે. આ પહેલ નાગરિકો માટે તંદુરસ્ત અને વધુ ટકાઉ વાતાવરણને પ્રોત્સાહન આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી રહી છે. ત્યારે આપણે સૌ પણ આ અભિયાનમાં સક્રિયપણે જોડાઈને આપણું ઘર, શેરી, ગામ, શહેર અને દેશને સ્વચ્છ રાખી સ્વસ્થ ભવિષ્યના નિર્માણમાં યોગદાન આપીએ.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. પારિવારિક પ્રસંગો તથા મહત્વની વિધિઓ માટે મંગળકારી દિવસ. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે. આજે ઓફિસ માં તમને સારા પરિણામ નહિ મળશે? તમારું કોઈ ખાસ આજે તમારી જોડે વિશ્વાસઘાત કરી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા જીવનસાથીના સંબંધીઓ તરફથી સર્જાતા અવરોધોને કારણે તમારો દિવસ થોડોક અડચણભર્યો રહેશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. રૉમાન્સ માટે સારો દિવસ. હિંમતભર્યા નિર્ણયો તથા પગલાં હકારાત્મક પરિણામો લાવશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દ્દઢતા બક્ષશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. તમારા પ્રિયપાત્રના સાથ વગર તમને ખાલી-ખાલી લાગશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. તમારા જેવા જ રસના વિષયો ધરાવતા લોકો સાથે તમે સંપર્કમાં આવો એવી પ્રવૃત્તિઓમાં તમારે સામેલ થવું જોઈએ.

**મકર (ખ,જ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. પરિવારના સભ્યો સાથે સમય વિતાવવો આનંદદાયક સાબિત થશે. સાવધાન રહો કેમ કે કોઈક તમારી છબીને બટ્ટો લગાડવાની કોશિષ કરી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માનસિક તાણ ઘટાડશે. કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે. નવું સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની દ્દષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

### ભારતે ઈંગ્લેન્ડને બીજી ટેસ્ટમાં હરાવ્યું હતું

# રોહિત માટે બુમરાહના સાથી શોધવાનો પડકાર

### સ્ટાર પેસર જસપ્રિત બુમરાહને અગાઉની બે ટેસ્ટ મેચમાં સામા છેડેથી કોઈ પેસરનો સારો સાથ મળ્યો નથી




। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારતે વિશાખાપટ્ટનમમાં રમાયેલી સીરિઝની બીજી મેચમાં ઈંગ્લેન્ડને ૧૦૬ રને હરાવ્યું હતું. પ્રથમ ટેસ્ટ મેચમાં હાર્યા બાદ ભારતીય ટીમે બીજી ટેસ્ટ મેચમાં શાનદાર વાપસી કરી અને સીરિઝ ૧-૧થી બરાબર કરી લીધી હતી. આ જીતથી ભારતીય ટીમના આત્મવિશ્વાસમાં વધારો થયો છે. રાજકોટમાં રમાનાર ત્રીજી ટેસ્ટ મેચમાં રોહિત શર્માની ટીમ આ જ આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઉતરશે. ત્રીજી ટેસ્ટમાં ટીમ પાસેથી વધુ સારા પ્રદર્શનની અપેક્ષા રાખવામાં આવશે જેથી કરીને તે સીરિઝમાં લીડ મેળવી શકે. આવું થવા માટે ખેલાડીઓનું મેદાન પર સારું પ્રદર્શન કરવું જરૂરી છે પરંતુ સૌથી મહત્વની બાબત કેપ્ટન રોહિત શર્માનો નિર્ણય છે, જેને તેણે ત્રીજી ટેસ્ટ મેચમાં બદલવો પડશે. બંને ટેસ્ટ મેચમાં ભારતીય ટીમનો સૌથી અસરકારક બોલર જસપ્રીત બુમરાહ હતો, જેણે બીજી મેચમાં સૌથી વધુ ૯ વિકેટ લીધી હતી. જો કે હંમેશની જેમ આ સીરિઝમાં સ્પિનરોના વર્ચસ્વની અપેક્ષા રાખવામાં આવી હતી, પરંતુ પ્રથમ બે ટેસ્ટ મેચોમાં આવું કંઈ જોવા મળી શક્યું ન હતું. રવિચંદ્રન અશ્વિન અને અક્ષર પટેલ હજુ સુધી ઈંગ્લેન્ડના બેટ્સમેનોને પોતાની જાદુઈ બોલિંગથી ફસાવી શક્યા નથી, પરંતુ ભવિષ્યમાં તેમની પાસેથી અપેક્ષાઓ રહેશે અને શક્ય છે કે તેઓ આ કારનામું કરશે. અસલી સમસ્યા ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહના પાર્ટનરની છે, જે ટીમ માટે મુશ્કેલીનું કારણ બની રહ્યું છે.

## ટેસ્ટ રેન્કિંગમાં બુમરાહ ટોચના સ્થાને પહોંચી ગયો

આજનો દિવસ ભારત માટે ઐતિહાસિક દિવસ છે, કારણ કે ભારતીય ટીમનો સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ટેસ્ટ રેક્િંગમાં નંબર ૧ પર પહોંચી ગયો છે. બુમરાહ પ્રથમ વખત ટેસ્ટ બોલિંગ રેક્િંગમાં ટોચના સ્થાને પહોંચ્યો છે. આવી સ્થિતિમાં બુમરાહે એક રીતે ઈતિહાસ રચ્યો છે. બુમરાહ આ પહેલા ક્યારેય આસીસીટેસ્ટ રેક્િંગમાં




ત્રીજા સ્થાનથી ઉપર નથી પહોંચ્યો. બુમરાહે વિશાખાપટ્ટનમ ટેસ્ટમાં ૯ વિકેટ ઝડપી હતી. તેના શાનદાર પ્રદર્શનના કારણે તેને પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ પણ મળ્યો હતો. ભારતીય ટીમના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે ઈંગ્લેન્ડ સામે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગમાં ૬ વિકેટ ઝડપી હતી. ત્યારબાદ બીજી ઈનિંગમાં ૩ વિકેટ પોતાના નામે કરી હતી. બુમરાહે આ મેચમાં ૯૧ રન આપીને ૯ વિકેટ ઝડપી હતી. બુમરાહના શાનદાર પ્રદર્શનના કારણે ભારતે ૫ મેચની સીરિઝમાં ૧૦૬ રનથી શાનદાર વાપસી કરી હતી. આ રીતે બંને દેશો વચ્ચે ૫ ટેસ્ટ મેચોની સીરિઝ ૧-૧થી બરાબર થઈ ગઈ છે. જસપ્રીત બુમરાહ વિશાખાપટ્ટનમમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચ દરમિયાન સૌથી ઝડપી ૧૫૦ વિકેટ લેનાર ભારતીય ફાસ્ટ બોલર બની ગયો હતો. બુમરાહે વર્ષની શરૂઆતમાં કેપટાઉનમાં સાઉથ આફ્રિકા સામે ૬૧ રન આપીને ૬ વિકેટ ઝડપી હતી. હવે ઈંગ્લેન્ડ સામે વિશાખાપટ્ટનમમાં ૪૫ રન આપીને ૬ વિકેટ ઝડપી વર્ષ ૨૦૨૪ માટે બે વખત ૫ વિકેટ હોલ પોતાના નામે કરી ચૂક્યો છે.

### પાકિસ્તાન ઝીરો ગણતા-ગણતા થાકી જશે

# જમ્મુ કાશ્મીરનું બજેટ જોઈ પાક.ને પરસેવો છુટી જશે

### જમ્મુ કાશ્મીર ઓગસ્ટ ૨૦૧૯ના સુધારા બાદથી આર્થિક અને સામાજિક તરક્કી પર ઝડપથી આગળ વધી રહ્યું છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

પાડોશી દેશ પાકિસ્તાન છેલ્લા કેટલાક સમયથી ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ તરફ હાથ ફેલાવીને બેઠું છે. જેથી તેને કંઈક રાહત પેકેજ મળી જાય. જેના માટે તેણે કેટલાય જુગાડ લગાવ્યા છે. આઈએમએફની શરતોને પુરી કરવા માટે તેમને પોતાના નાગરિકો પર મોંઘવારીનો ખૂબ ભાર નાખી રાખ્યો છે. પાકિસ્તાન ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ પાસેથી ૩ અબજ ડોલરની રાહત માગી રહ્યું છે. આ બાજુ ભારત સરકારે જમ્મુ કાશ્મીરના વિકાસ માટે ૧૪.૧૬ અબજ ડ઼ોલર એટલે કે ૧૧૮૦૦૦૦૦૦૦૦૦ રૂપિયા (૧.૧૮ લાખ કરોડ રૂપિયા)નું વચગાળાનું બજેટ જાહેર કર્યું છે. આ બજેટ પાકિસ્તાન માટે આઈએમએફના રાહત પેકજ કરતા ૫ ગણુ વધારે છે. જમ્મુ કાશ્મીરના વિકાસ માટે આ બજેટ એક મહત્વની ભૂમિકા નિભાવશે. પાકિસ્તાન ૫ ફેબ્રુઆરીએ કાશ્મીર સોલિડેરિટી ડે મનાવે છે. ભારત સરકાર આ દિવસે જમ્મુ અને કાશ્મીરના આર્થિક વિકાસ માટે વચગાળાનું બજેટ પ્રસ્તાવિત કર્યું. કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર માટે ભારતનું બજેટ, કૃષિ, ગ્રામીણ વિકાસ, પર્યટન, સ્વાસ્થ્ય દેખરેખ, શિક્ષણ અને સાંસ્કૃતિક સંરક્ષણ જેવા મુખ્ય ક્ષેત્રો પર ફોક્સ કરે છે. તેમાં સતત વિકાસને પ્રોત્સાહન આપવા માટે મોટા રોકાણની પણ જાહેરાત છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટનો પ્રસ્તાવ રાખતા કહ્યું કે, જમ્મુ કાશ્મીર ઓગસ્ટ ૨૦૧૯ના સુધારા બાદથી સામાજિક-આર્થિક તરક્કી પર ઝડપથી આગળ વધી રહ્યું છે. સરકાર આ રાજ્ય માટે સમાવેશી વિકાસના રસ્તા શોધી રહી છે. અહીં પર્યટન માટે ૨૦ સ્થળના ઈંફ્રાસ્ટ્રક્ચરને ડેવલપ કરવાનો ટાર્ગેટ રાખ્યો છે. સાથે જ પરંપરાગત નકલી ગામ સેટઅપ તરીકે પણ ડિઝાઈન કર્યા છે. તો વળી અમુક અન્ય ગામને પણ ડેવલપ કરવાના છે. અહીં ઉલ્લેખનિય છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે પાકિસ્તાન કુલ ૧૪.૪૬ ટ્રિલિયન પાકિસ્તાની રુપિયા (૫૦.૪૫ અબજ ડોલર)નું બજેટ રાખ્યું હતું.

### શેરબજારના કામકાજમાં ઘણા ઉતાર-ચઢાવ નોંધાયા

# સેન્સેક્સમાં ૩૪ પોઈન્ટનો ઘટાડો, નિફ્ટીમાં એક પોઈન્ટનો વધારો

### આઈટી કંપનીઓ ટેક મહિન્દ્રા-ઈન્ફોસિસના શેરમાં નબળાઈ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

બુધવારે શેરબજારમાં મામૂલી નબળાઈ સાથે અંત આવ્યો. બીએસઈસેન્સેક્સ ૩૪ પોઈન્ટની નબળાઈ સાથે ૭૨૧૫૨ પોઈન્ટના સ્તરે બંધ થયો છે, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧ પોઈન્ટના વધારા સાથે ૨૧૯૩૦ પોઈન્ટના સ્તરે બંધ થયો છે. દિવસ દરમિયાન શેરબજારના કામકાજમાં ઘણા ઉતાર-ચઢાવ નોંધાયા હતા. નિફ્ટીએ બુધવારે ૨૧૬૬૦ થી ૨૨૦૫૩ પોઈન્ટની વચ્ચે કામ કર્યું હતું. નિફ્ટીના કામકાજમાં ૨૯ શેરોએ વેગ પકડ્યો હતો જ્યારે ૨૧ શેરોમાં નબળાઈ નોંધાઈ હતી. બુધવારે શેરબજારના કામકાજમાં ઘણો ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. આઈટી કંપનીઓ ટેક મહિન્દ્રા અને ઈન્ફોસિસના શેરમાં નબળાઈ નોંધાઈ હતી. પાવર ગ્રીડ, અદાણી પોર્ટ્સ, ટીસીએસ, એચડીએફસી બેંક અને વિપ્રોના શેર પણ શેરબજારના ટોપ લુઝર્સની યાદીમાં સામેલ હતા. જો આપણે શેરબજારમાં ઉછાળો દર્શાવનાર કંપનીઓના શેરની વાત કરીએ તો એસબીઆઈ, સન ફાર્મા, કોલ ઈન્ડિયા, અદાણી એન્ટરપ્રાઈઝ, મારુતિ સુઝુકી, હીરો મોટોકોર્પ અને ઓએનજીસીના શેરમાં વધારો નોંધાયો છે.

બુધવારે શેરબજારના અસ્થિર ટ્રેડિંગ સમયગાળા દરમિયાન, નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈસ્મોલ કેપ, નિફ્ટી બેંક, નિફ્ટી ફાર્મા, નિફ્ટી એફએમસીજી અને નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસિસ ઈન્ડેક્સમાં વધારો નોંધાયો હતો જ્યારે નિફ્ટી આઈટી અને નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં નબળાઈ નોંધાઈ હતી.

### ઘણા રાજ્યોમાં પડશે વરસાદ

# પહાડો પર હિમવર્ષાથી ઠંડીમાં વધારો જોવા મળ્યો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી યુપી-બિહાર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં સૂકા અને ઠંડા પવનો ફૂંકાશે, જેના કારણે લોકો ઠંડીનો અનુભવ કરશે. પહાડોમાં હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં ઠંડા પવનો ફૂંકાતાં લોકો ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. વરસાદ બાદ રાજધાની દિલ્હીના હવામાનમાં ઘણો સુધારો જોવા મળ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ અને અરુણાચલ પ્રદેશમાં વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. આ સિવાય મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ, પશ્ચિમ બંગાળના સ્થળોએ હળવા વરસાદની શક્યતા છે. દિલ્હી-એનસીઆરમાં હાલ વાતાવરણ ખુશનુમા છે. દિવસના તડકા બાદ ઠંડીમાં પણ ઘટાડો થવા લાગ્યો છે. હવામાન વિભાગનું કહેવું છે કે આજે એટલે કે બુધવારે (૭ ફેબ્રુઆરી) દિલ્હી-NCRમાં આકાશ સ્વચ્છ અને તડકો રહેવાની આશા છે. મંગળવારે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન સાત ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં બે ડિગ્રી ઓછું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હીના કેટલાક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું અને મંગળવારે સવારે ૮.૩૦ વાગ્યા સુધી પાલમમાં ૨૦૦ મીટર સુધી વિઝિબિલિટી નોંધાઈ હતી. CPCBના ડેટા અનુસાર, દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ મંગળવારે સવારે ૯ વાગ્યે ૧૪૭ નોંધાયો હતો, જે 'મધ્યમ' શ્રેણીમાં આવે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી યુપી-બિહાર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં સૂકા અને ઠંડા પવનો ચાલવાની ધારણા છે. આ રાજ્યોમાં અત્યારે વરસાદની કોઈ શક્યતા નથી.

### ચૂંટણી પહેલા મોદી સરકાર એક મોટો નિર્ણય લઈ શકે

# ૭ વર્ષ બાદ હવે લઘુત્તમ વેતનમાં સરકાર વધારો કરે એવી શક્યતા

### હવે સરકાર માત્ર પેનલની ભલામણની રાહ જોઈ રહી છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

લોકસભા ચૂંટણી પહેલા કેન્દ્રની મોદી સરકાર એક મોટો નિર્ણય લઈ શકે છે. આ નિર્ણય લઘુત્તમ વેતન અંગે છે. સરકાર એ નક્કી કરી શકે છે કે, દેશના લોકોને ઓછામાં ઓછું કેટલું વેતન મળશે. લઘુત્તમ વેતન નક્કી થઈ ગયા બાદ કોઈ પણ કામ માટે તેમને ઓછા પૈસા નહીં મળશે. ૬ વર્ષ બાદ હવે લઘુત્તમ વેતન વધવાની આશા છે. વર્ષ ૨૦૧૭માં પહેલી વખત લઘુત્તમ વેતનમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તેમાં ફેરફાર કરવામાં નથી આવ્યો. આ લઘુત્તમ વેતન વધારવા માટે હવે સરકાર માત્ર પેનલની ભલામણની રાહ જોઈ રહી છે. એક અહેવાલ પ્રમાણે દેશમાં લઘુત્તમ વેતન વધી શકે છે. અધિકારીઓની ધારણા છે કે ૨૦૨૧ થી એસપી મુખર્જીની આગેવાની હેઠળની નિષ્ણાત સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલી ભલામણો આ વર્ષે એપ્રિલ-મે મહિનામાં યોજાનારી આગામી સામાન્ય ચૂંટણીઓ પહેલા લાગુ કરવામાં આવી શકે છે. સૂત્રોનો હવાલો આપતા કહેવામાં આવ્યું છે કે જૂન ૨૦૨૪ સુધીના ત્રણ વર્ષના કાર્યકાળ માટે રચાયેલી સમિતિ પોતાનો રિપોર્ટ સોંપવા જઈ રહી છે. આ રિપોર્ટ લગભગ પૂર્ણ થઈ ગયો છે અને તેને અંતિમ રૂપ આપવામાં આવશે. ૨૦૨૧માં આ માટે એક કમિટીની રચના કરવામાં આવી હતી. તેના અધ્યક્ષ એસપી મુખર્જી છે. સમિતિને ભલામણો કરવા માટે જૂન ૨૦૨૪ સુધીનો સમય આપવામાં આવ્યો હતો. હવે જોવાનું એ રહેશે કે, સમિતિનો રિપોર્ટ ક્યારે આવે અને કેન્દ્ર સરકાર તેની ભલામણોને કેટલી હદે લાગુ કરે છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે સમિતિની બેઠકનો છેલ્લો તબક્કો યોજાવા જઈ રહ્યો છે. તેની અસર ભારતના ૫૦ કરોડ લોકો પર થશે.

**વિશેષ** — જિલ્લા કલેક્ટર આર.કે.મહેતાનાં અધ્યક્ષસ્થાને ઈ-લોકાર્પણનાં કાર્યક્રમોનાં આયોજન અર્થે બેઠક મળી

# ભાવનગર જિલ્લામાં આઠ વિધાનસભાઓમાં નિર્મિત પી.એમ. આવાસોનાં ઈ-લોકાર્પણ અને ઈ-ગૃહપ્રવેશ કાર્યક્રમ યોજાશે







। (માહિતી) ભાવનગર ।

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રાજ્યભરમાં નિર્માણ કરાયેલા એક લાખથી વધુ પી.એમ. આવાસોનું તા.૧૦મી ફેબ્રુઆરીએ બપોરે ૧૨.૦૦ વાગ્યે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ઈ-લોકાર્પણ કરાશે. જેનાં ભાગરૂપે તમામ વિધાનસભાઓ અંતર્ગત ભાવનગર શહેર-જિલ્લામાં આઠ વિધાનસભા બેઠકો ખાતે આવાસોનાં ઈ-લોકાર્પણ અને ઈ-ગૃહપ્રવેશ કાર્યક્રમ યોજાશે. જેનાં સુચારૂ આયોજન અર્થે જિલ્લા કલેકટરશ્રી આર.કે.મહેતાનાં અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક મળી હતી.

જિલ્લા કલેકટરશ્રીએ બેઠકમાં કાર્યક્રમ સ્થળે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, બેઠક વ્યવસ્થા, લોકોને વાહનો દ્વારા લાવવા અને લઈ જવાની વ્યવસ્થા, ફૂડ પેકેટ, પીવાનાં પાણીની વ્યવસ્થા, પાર્કિંગ વ્યવસ્થા સહિતની કામગીરી કરાવવા કલેક્ટરશ્રીએ સંબધિત અધિકારીઓને રચનાત્મક સૂચનાઓ કર્યાં હતાં. જિલ્લા ગ્રામ વિકાસ અધિકારીશ્રી જયશ્રીબેન જરૂએ કાર્યક્રમને અનુલક્ષીને જરૂરી સુચનો સાથે માર્ગદર્શન પુરું પાડ્યું હતું અને કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી.

ભાવનગર જિલ્લામાં મહુવા વિધાનસભા વિસ્તારનો કાર્યક્રમ એ.પી.એમ.સી.-મહુવા ખાતે, તળાજા વિધાનસભાનો કાર્યક્રમ એ.પી.એમ.સી.-તળાજા ખાતે, ગારીયાધાર વિધાનસભાનો કાર્યક્રમ એ.પી.એમ.સી.-ગારીયાધાર ખાતે, પાલિતાણા વિધાનસભાનો કાર્યક્રમ એ.પી.એમ.સી.-પાલિતાણા ખાતે, ભાવનગર ગ્રામ્ય વિધાનસભામાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, સીદસર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, સીદસર ખાતે અને ગઢડા વિધાનસભામાં એ.પી.એમ.સી. ધોળા(જં) ખાતે તેમજ ભાવનગર શહેરની પૂર્વ વિધાનસભાનો કાર્યક્રમ તરસમીયા ઝોનલ ઓફિસ ખાતે અને ભાવનગર પશ્ચિમ વિધાનસભાનો કાર્યક્રમ સ્વામિનારાયણ મંદિર- ચિત્રા ખાતે યોજાશે. જિલ્લાની આઠ વિધાનસભાઓમાં યોજનારા કાર્યક્રમોમાં મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ સહિત પદાધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં લાભાર્થીઓનાં આવાસોનું ઈ-લોકાર્પણ તથા ઈ-ગૃહ પ્રવેશ કરાવવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી જી.એચ.સોલંકી, નિવાસી અધિક કલેકટરશ્રી એન. ડી.ગોવાણી, નાયબ પોલિસ અધિકક્ષકશ્રી આર. આર. સિંઘાલ સહિતનાં ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદમાં ૧૦૦ શાળાઓમાં સંવેદના બોક્સ મૂકવામાં આવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદમાં DEO દ્વારા શાળાના બાળકો માટે નવી પહેલ કરવામાં આવી છે. શહેરની ૧૦૦ શાળાઓમાં 'સંવેદના બોક્સ' મૂકવામાં આવ્યા છે. તેમજ 'સંવેદના બોક્સ' મારફતે વિદ્યાર્થીઓ વ્યક્તિગત પ્રશ્નો પૂછી શકે છે. અમદાવાદમાં DEO દ્વારા શાળાના બાળકો માટે નવી પહેલ કરવામાં આવી છે. શહેરની ૧૦૦ શાળાઓમાં 'સંવેદના બોક્સ' મૂકવામાં આવ્યા છે. તેમજ 'સંવેદના બોક્સ' મારફતે વિદ્યાર્થીઓ વ્યક્તિગત પ્રશ્નો પૂછી શકે છે.બોક્સમાં આવતા પ્રશ્નોના નિકાલ માટે દરેક શાળામાં ૨ શિક્ષકોની નિયુક્તિ કરવામાં આવશે. 'સારથી પ્રોજેક્ટ' માટે ૧૦૦ શાળાના ૨૦૦ શિક્ષકોને તાલીમ આપવામાં આવી છે. બોટકાંડ બાદ અમદાવાદના જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ વડોદરા બોટ દુર્ઘટના પછી શાળાઓ સામે કડક વલણ અપનાવ્યુ છે.

### ખેરાલુમાં કરાયેલા ગેરકાયદે બાંધકામ ઉપર તંત્રે બુલડોઝર ફેરવ્યું

। (એજન્સી) ખેરાલુ, તા.૭ ।

ખેરાલુ નગરપાલિકા એક્શન મોડમાં આવી ગઈ છે. કેટલાક દિવસ પૂર્વે ખેરાલુમાં શ્રી રામ શોભાયાત્રા ઉપર પથ્થરમારો કરાયો હતો. આ વિસ્તારમાં કરાયેલા ગેરકાયદે બાંધકામ ઉપર તંત્રે બુલડોઝર ફેરવ્યું છે. ખેરાલુ નગરપાલિકા એક્શન મોડમાં આવી ગઈ છે. કેટલાક દિવસ પૂર્વે ખેરાલુમાં શ્રી રામ શોભાયાત્રા ઉપર પથ્થરમારો કરાયો હતો. આ વિસ્તારમાં કરાયેલા ગેરકાયદે બાંધકામ ઉપર તંત્રે બુલડોઝર ફેરવ્યું છે. ખેરાલુ નગરપાલિકા દ્વારા જકાતનાકા પાસે, હાટડીયા વિસ્તારમાં ગેરકાયદે દબાણ હટાવવા માટે, નોટીસ આપી હતી. નોટીસના સમયગાળા દરમિયાન પણ દબાણ દૂર ના કરતા, તંત્રે બુલડોઝર ફેરવીને ગેરકાયદે દબાણ તોડી પાડવામાં આવ્યું છે. બીજી તરફ આ અગાઉ ૩૧ જાન્યુઆરીએ જુનાગઢમાં ભડકાઉ ભાષણ આપ્યુ હતુ.



શાહીબાગ પોલીસ કમિશનર ઓફિસમાં અમદાવાદ પોલીસ કમિશનરની પ્રેસ મીટમાં તેમણે દરેક પોલીસ સ્ટેશનમાં પકડાયેલ વાહનો અને કિંમતી ચીજ-વસ્તુઓના નિકાલ માટેની વિગત આપી હતી.

### અમિત શાહની મોટી જાહેરાત

## તમામ જિલ્લાઓમાં બેન્ક-મિત્ર સહકારી મંડળીઓને માઇક્રો-એટીએમ અપાશે

। ગાંધીનગર, તા.૭ ।

પંચમહાલ અને બનાસકાંઠા જિલ્લામાં પાઈલોટ પ્રોજેક્ટની સફળતા બાદ હવે ગુજરાતના તમામ જિલ્લાઓમાં બેંક-મિત્ર સહકારી મંડળીઓને માઈક્રો-એ.ટી.એમ. આપવામાં આવશે. પંચમહાલ અને બનાસકાંઠા જિલ્લામાં પાઈલોટ પ્રોજેક્ટ અંતર્ગત ૧,૭૨૩ માઈક્રો-એ. ટી.એમ. વહેંચાવામાં આવ્યા હતા. તેવી જ રીતે, પંચમહાલ અને બનાસકાંઠા જિલ્લામાં દૂધ સહકારી મંડળીઓના સભાસદોને ૧,૨૩,૬૮૫ રૂપેય ક્રેડિટ કાર્ડની વહેંચણી બાદ, ગુજરાતના તમામ જિલ્લાઓમાં આ પહેલનો પ્રારંભ કરવામાં આવશે. ભારતમાં ૨૯ ક્ષેત્રોની કુલ ૮,૦૨,૬૩૯ સહકારી સોસાયટીમાંથી ૮૧,૩૦૭ સહકારી સોસાયટીઓ ગુજરાતમાં આવેલી છે. આ માહિતી સહકારીતા મંત્રી અમિત શાહે રાજ્યસભામાં ફેબ્રુઆરી ૭, ૨૦૨૪ના રોજ સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં ઉપલબ્ધ બનાવી હતી. મંત્રીના નિવેદન અનુસાર, ડેરી અને ફિશરીઝ સહકારી મંડળીઓને જિલ્લા સહકારી કેન્દ્રિય બેંક (DCCBs) અને રાજ્ય સહકારી બેંક (StCBs)ના બેંક મિત્ર બનાવી શકાય. તેમના વ્યવસાય કરવાની સરળતા, પારદર્શિતા અને નાણાકિય સમાવેશને સુનિશ્ચિત કરવા માટે ડોર-સ્ટેપ ફાઈનાન્સિઅલ સર્વિસીસ પૂરી પાડવા નાબાર્ડ દ્વારા બેંક મિત્ર સહકારી મંડળીઓને માઈક્રો-એ.ટી.એમ. આપવામાં આવે છે.

### પોલીસ ભરતીને લઈ મહત્વના સમાચાર

## લોકરક્ષકના વિવિધ સંવર્ગોની સંયુક્ત સીધી ભરતીની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરાયો

### શારીરિક કસોટી હવે ફક્ત ક્વોલીફાઈંગ રહેશે તેના કોઈ ગુણ આપવાના રહેશે નહિ

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

લોકરક્ષકના વિવિધ સંવર્ગોની સંયુક્ત સીધી ભરતીની પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે. લોકરક્ષકની ભરતી અંતર્ગત લેવાતી શારીરિક કસોટીમાં હવે દોડ ફક્ત નિયત સમયમાં પાસ કરવાની રહેશે, તેના કોઈ ગુણ આપવાના રહેશે નહિ. સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા રાજ્યના યુવાનો માટે રાજ્ય સરકારે લોકરક્ષકના વિવિધ સંવર્ગોની સંયુક્ત સીધી ભરતીની પરીક્ષા પધ્ધતિમાં મહત્વપૂર્ણ ફેરફાર કર્યા છે. જે અંતર્ગત અગાઉ લોકરક્ષકની ભરતીમાં શારીરિક કસોટી લેવામાં આવતી હતી.

તેમાં દોડના ગુણ આપવામાં આવતા હતા. જેના બદલે હવે દોડ ફક્ત નિયત સમયમાં પાસ કરવાની રહેશે, તેના કોઈ ગુણ રહેશે નહિ. પહેલા શારીરિક કસોટીમાં ઉમેદવારોના વજનને પણ ધ્યાને લેવામાં આવતું હતું જે હવે રદ્ કરવામાં આવ્યુ છે. આમ, શારીરિક કસોટી હવે ફક્ત ક્વોલીફાઈંગ રહેશે તેના કોઈ ગુણ આપવાના રહેશે નહિ અને શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલ તમામ ઉમેદવારો ત્યારબાદની OBJECTIVE MCQ TESTમાં ભાગ લઈ શકશે.

અગાઉ શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોની બે કલાકની અને ૧૦૦ ગુણની MCQ TEST લેવામાં આવતી હતી. તેના બદલે હવે ૨૦૦ ગુણનું ૩ કલાકન OBJECTIVE MCQ TESTનું એક જ પેપર લેવામાં આવશે. આ પેપર ભાગ-છ અને ભાગ-B એમ બે ભાગમાં રહેશે અને દરેક ભાગમાં પાસ થવા માટે ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ ફરજિયાત લાવાના રહેશે. જુના પરીક્ષા નિયમોના વિષયો પૈકી સાયકોલોજી, સોશ્યોલોજી, આઈ.પી. સી., સી.આર.પી.સી., એવીડન્સ એક્ટ જેવા વિષયો રદ્ કરીને નીચે મુજબના મુખ્ય વિષયો રાખવામાં આવ્યા છે. પહેલા લોકરક્ષકની ભરતીમાં ફક્ત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાંથી કરેલા કોર્ષ માટે જ ઉમેદવારોને વધારાના ગુણ આપવામાં આવતા હતા.

### ફોરેન લેંગ્વેજ કરવા ઈચ્છુક ઉમેદવારો પાસે ઓનલાઈન અરજી મંગાવી

## વીર નર્મદ યુનિવર્સિટીમા ૧૦થી વધુ ભાષામાં કોર્સ શરૂ કરાયો

। (એજન્સી) સુરત, તા.૭ ।

વીર નર્મદ યુનિવર્સિટીમાં ફ્રેન્ચ,જર્મન, સ્પેનિશ અને રશિયન સહિત અન્ય ફોરેન લેંગ્વેજ કોર્ષનો આજથી પ્રારંભ કરી દેવાયો છે. તાજેતરમાં સુરતમાં ડાયમંડ બુર્સના ઉદઘાટન વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફોરેન લેંગ્વેજ કોર્સ શરૂ કરવા ટકોર કરી હતી. નર્મદ યુનિવર્સિટી દ્વારા ફોરેન લેંગ્વેજ કરવા ઈચ્છુક ઉમેદવારો પાસે ઓનલાઈન અરજી મંગાવી હતી અને આજથી ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશઅને રશિયન ભાષામાં સર્ટિફિકેટ કોર્સ શરૂ કર્યા છે. યુનિવર્સિટીમાં અભ્યાસક્રમો સંબંધિત છે.ભાષાઓમાં ડિગ્રી, પ્રમાણપત્રો અને નિપુણતા ધરાવતા અનુભવી શિક્ષકો દ્વારા આ સર્ટિફિકેટ કોર્સનું શિક્ષણ હાથ ધરવામાં આવ્યું છે. હાલમાં ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ, રશિયન ભાષાઓમાં સવારે ૮-૧૦ અને સાંજે ૬-૮ સુધીના ક્લાસ VNSGUના અંગ્રેજી વિભાગ ખાતે શરૂ કરાયા છે. આ સર્ટિફિકેટ કોર્સ માટે રજીસ્ટ્રેશન હજુ પણ ચાલુ છે. આ ઉપરાંત આ પ્રમાણપત્ર વિદ્યાર્થીઓની યુનિવર્સિટી અભ્યાસક્રમોને સુવિધા માટે ઑનલાઈન મોડમાં ઉપલબ્ધ કરાવવા માટે સક્રિયપણે કાર્ય કરી રહી છે. રસ ધરાવતી વ્યક્તિઓ કોર્સ માટે રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

## વટવા ઈન્ડો જર્મન ટુલ ખાતે ડિપ્લોમા કોલેજમાં બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના અંતર્ગત જાગૃતિ કાર્યક્રમનું આયોજન

### કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફને મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલીકૃત વિવિધ મહિલાલક્ષી યોજનાઓ તેમજ મતદાન વિષેની માહિતી આપવામાં આવી

। (માહિતી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી અને ડિસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વુમન ટીમ અમદાવાદ દ્વારા ઈન્ડો જર્મન ટુલ, જી.આઈ.ડી.સી., વટવા ખાતે ડિપ્લોમા કોલેજના વિદ્યાર્થી તેમજ સ્ટાફ માટે બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના અંતર્ગત જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલીકૃત વ્હાલી દિકરી યોજન, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના, મહિલા સ્વાવલંબન યોજના, સખી વન સ્ટોપ સેન્ટર યોજના, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર યોજના તેમજ સમાજ સુરક્ષા ખાતાની પાલક માતા-પિતા યોજના તેમજ અન્ય મહિલાલક્ષી યોજનાઓ વિશે કાર્યક્રમમાં હાજર લોકોને માહિતીગાર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને મતદાન વિષેની પણ સમજ અને માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં



જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશભાઈ સોલંકી, સ્પેશિયાલિસ્ટ ઈન ફાઈનાન્સ ઈન લીટ્રેસી શ્રી હેમલબહેન બારોટ, શ્રી ભાવેશ પરમાર, વટવા પોલીસ સ્ટેશનના જીરી ટીમના શ્રી પારૂલબહેન સોલંકી, કોન્સ્ટેબલ શ્રી અલ્કેશભાઈ વલ્વી, ઈન્ડો જર્મન ટુલના જનરલ મેનેજર શ્રી વિશાલ કુમાર, HOD શ્રી નિલમબહેન પરમાર, જય માડી ટ્રસ્ટના પ્રેસિડેન્ટ શ્રી પંકજભાઈ પંચાલ તેમજ શ્રી નિધિ ફાઉન્ડેશનના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી બિંદુબહેન અને અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

### રાજ્યમંત્રી પ્રફૂલ પાનસેરીયાએ વિધાનસભા ગૃહમાં આપી માહિતી

## ધોરણ ૬થી ધોરણ ૧૨માં ભગવદ ગીતાના મૂલ્યોનો અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કરાશે

### ગીતા સત્કર્મો અને સદવિચાર માટે ઉદ્દીપક છે : ગીતાના તત્વજ્ઞાન થકી ગુજરાતના વિદ્યાર્થીઓ વધુ જ્ઞાની બનશે

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ સંકલ્પ રજૂ કરતાં કહ્યું કે, શ્રીમદ્ ભગવદ્ ગીતા એ હિંદુ ધર્મનો પ્રાચીન અને મુખ્ય પવિત્ર ગ્રંથ છે. ગીતા હિંદુ ધર્મનો ગણાતો હોવા છતાં ફક્ત હિંદુઓ પૂરતો સીમિત ન રહેતાં પૂરા માનવસમાજ માટેનો ગ્રંથ ગણાય છે, અને વિશ્વચિંતકોએ તેમાંથી માર્ગદર્શન લીધું છે. ગીતાનું મહત્ત્વ અલૌકિક છે. ગીતાને સ્મૃતિ ગ્રંથ માનવામાં આવે છે. ગીતા જ્ઞાનનો ખજાનો તો છે જ, સાથે સાથે સત્કર્મો અને સદવિચાર માટે ઉદ્દીપક પણ છે. ગીતાના તત્વજ્ઞાન થકી ગુજરાતના વિદ્યાર્થીઓ વધુ જ્ઞાની બનશે અને 'વિકસિત ભારત @૨૦૪૭' ના સંકલ્પને સાર્થક કરવાની દિશામાં તથા રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં મહત્વનું યોગદાન આપશે. વિધાનસભા ખાતે ધોરણ ૬ થી ૧૨ માં ગીતાના મૂલ્યોનો અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કરવાના સંકલ્પ રજૂ કરતા મંત્રીએ કહ્યું કે,દરેક વાલીનું સપનું હોય છે કે પોતાનું બાળક સંસ્કારી બને, જીવન જીવવાની પધ્ધતિ થી વાકેફ થાય એ માટે અમે સામાજીક ઉત્થાન માટે સામાજીક જવાબદારી થી લાવ્યા છીએ. ભારતીય સંસ્કૃતિમાં યોગ એ આપણી આગવી ઓળખ છે જેને યુનો એ પણ સ્વીકારીને વિશ્વ યોગ દિવસ ઉજવવાનો નિર્ણય કર્યો છે.

## ડભોઇમાં રાજસ્થાન કોટા સ્ટોન એન્ડ માર્બલ કંપનીમાં સેન્ટ્રલ જી.એસ.ટીના દરોડા

। (એજન્સી) ડભોઇ, તા.૭ ।

વડોદરાના ડભોઈમાં રાજસ્થાન કોટાસ્ટોન એન્ડ માર્બલ કંપનીમાં સેન્ટ્રલ જી.એસ.ટીએ દરોડા પાડ્યા છે. કર ચોરી કરતા હોવાના અનેક કિસ્સા સામે આવતા હોવાથી ડભોઈમાં પણ દરોડા પાડવામાં આવ્યા છે. ડભોઈ જીઆઈડીસીમાં આવેલ રાજસ્થાન કોટા કંપનીમાં સેન્ટ્રલ જી.એસ.ટી વિભાગે પહોંચીને કાર્યવાહી હાથ ધરી છે. સેન્ટ્રલ જી.એસ.ટીના અધિકારીઓ દ્વારા હાલ એકાઉન્ટ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. કંપનીનો ગેટ લોક કરી કંપનીના માલિકો સાથે જીએસટીના કર્મચારીઓ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં છેલ્લા ૪ વર્ષમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ચોરીના ૯૬૮૪ કેસ નોંધાયા છે. જીએસટીથી આવકમાં જ નહીં જીએસટી ચોરી કરનારા સામે સૌથી વધુ કેસ નોંધાયા હોય તેવા રાજ્યોમાં પણ ગુજરાત મોખરાના રાજ્યોમાં છે. છેલ્લા ચાર વર્ષમાં જીએસટી ચોરીના સૌથી વધુ કેસ થયા હોય તેમાં મહારાષ્ટ્ર બાદ ગુજરાત બીજા સ્થાને છે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨